સુવિચાર

"આત્મવિશ્વાસ એ ઘણી મોટી મૂડી છે જેના આધારે ઘણા બધા જંગ જીતી શકાય છે."

અમે કાઠીયાવાડી અમારી વાત કાઠીયાવાડી

સૌરાષ્ટ્ર ક્રાંતી

સાંધ્ય દૈનિક

Year:8, Issue: 167, Dt.26-04-2023 (Wednesday)

Email ; saurashtrakranti@gmail.com

FOLLOW US!

saurashtrakranti

Web: www.saurashtrakranti.com

Posting Licence No. RAJKOT / 678 / 2021-23,VALID UP TO 31-12-2023 posted at Rajkot-RMS published & posting dt.-daily (evening)

Registration of News Paper No. GUJGUJ/2015/65432 Pages: 10 Price : Rs. 3/- Annual Subscription : Rs. 800/- તંત્રી, પ્રકાશક, મુદ્રક અને માલિક : ગઢવી અશોક મુળુભા, પ્રકાશન સ્થાનઃ ૧૨૫, સ્ટાર ચેમ્બર, હરિર ચોક, પંચનાથ પ્લોટ, રાજકોટ–૩૬૦૦૦૧

ન્યૂઝ ફ્લેશ

કાલે રાજકોટ, અમરેલી જિલ્લો અને કચ્છમાં ગાજવિજ સાથે વરસાદની શકયતા

રાજકોટ,તા.૨૬

આજથી બે દિવસ માટે રાજયમાં ફરી વેસ્ટર્ન ડિસ્ટર્બન્સની અસર હેઠળ માવઠાની આગાહી કરાઈ છે. ત્યારે આજે દાહોદ, તાપી, ડાંગ, નર્મદા જિલ્લામાં ગાજવીજ સાથે વરસાદ પડવાની શકયતા હવામાન વિભાગે દર્શાવી છે. તેમજ આવતીકાલે ગુરૂવારે રાજકોટ-અમરેલી- કચ્છ તેમજ દાહોદ, તાપી, ડાંગ અને નર્મદા જિલ્લામાં ગાજવીજ સાથે હળવો વરસાદ પડવાની શકયતા દર્શાવાઈ છે. દરમ્યાન રાજયમાં ગઈકાલે મોટાભાગના વિસ્તારોમાં સુકુ અને ગરમ હવામાન રહ્યું હતું. ગઈકાલે રાજકોટ સહિત ૧૫ શહેરોમાં ૩૯થી ૪૧ ડિગ્રી સુધીનું મહતમ તાપમાન નોંધાયું હતું.

ગઈકાલે રાજકોટમાં ૪૦.૬ ડિગ્રી, અમદાવાદમાં પણ ૪૦.૬, અમરેલીમાં ૪૦.૮, વડોદરામાં ૩૯.૮, ભાવનગરમાં ૩૮.૪, તેમજ ભૂજમાં હાઈએસ્ટ ૪૧.૨ ડિગ્રી મહતમ તાપમાન નોંધાવા પામ્યું હતું.

આ ઉપરાંત છોટાઉદેપુરમાં ૪૦.૨, ડાંગમાં ૪૧.૧, ડિસામાં ૩૯.૨, ગાંધીનગરમાં ૩૯.૮, જુનાગઢમાં ૪૦.૫ તથા કંડલા ખાતે ૩૯.૧ ડિગ્રી, નર્મદામાં ૪૦, પંચમહાલમાં ૪૦.૪ અને પાટણમાં ૪૧.૫ ડિગ્રી મહતમ તાપમાન નોંધાવા પામ્યું હતું.

સૌરાષ્ટ્ર તમિલ સંગમ એટલે બે પ્રાચીન સંસ્કૃતિનું મિલનઃ મોદી

વડાપ્રધાનનું ભાવનાશીલ વર્ચ્યુઅલ સંબોધનઃ મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ, નાગાલેન્ડ અને ઝારખંડના ગવર્નર સહિતના મહાનુભાવોની હાજરી

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૨૬

સોમનાથ મહાદેવના સાનિધ્યમાં અને પવિત્ર તીર્થસ્થાનની છત્રછાયામાં યોજાયેલા અભૂતપૂર્વ અને અદ્દભુત સૌરાષ્ટ્ર તામિલ સંગમ સમારોહનું આજે સમાપન થયું હતું. આ પ્રસંગે સમારંભને વર્ચ્યુઅલ સંબોધન કરતા વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ જણાવ્યું હતું કે, સૌરાષ્ટ્ર તમિલ સંગમ એ સૌરાષ્ટ્રની ધરા પર બે રાજ્યોની પ્રાચીન સંસ્કૃતિનો સંગમ છે. આ સંગમ નર્મદા અને વૈદેહીનો છે. વડાપ્રધાને સાંસ્કૃતિક તાલમેલ અને ભાવનાત્મક એકતાના સર્જન પર ભાર મુક્યો હતો.

સમાપન સમારંભને સંબોધન કરતા વડાપ્રધાને જણાવ્યું હતું કે, સૌરાષ્ટ્રીયન તમિલ ભાઈ-બહેનો આજે અહીં મોટી સંખ્યામાં આવ્યા છે. એમને હું આવકાર આપું છું. અદ્દભુત આયોજન કરવા બદલ સૌરાષ્ટ્ર અને તમિલનાડુના લોકોને અભિનંદન આપું છું. અગાઉ ૨૦૧૦ માં પણ એક આવો કાર્યક્રમ મદુરાઈમાં યોજાયો હતો. જેમાં સૌરાષ્ટ્રમાંથી ૫૦ ભાઈ-બહેનો જોડાયા હતા. થોડા સમય પહેલા કાશીમાં પણ તમિલ સંગમમનું આયોજન કરાયું હતું. દેશમાં આવા કાર્યક્રમો કરવાના પ્રયત્નો થઈ રહ્યા છે. આજે તામિલ ભાઈ-બહેનો પોતાના ઘરે આવ્યા છે અને અહીંથી અનેક યાદોનું સંભારણું લઈને જશે.

વડાપ્રધાને જણાવ્યું હતું કે, સૌરાષ્ટ્રની ધરા પર બે પ્રાચીન સંસ્કૃતિનો સમન્વય થયો છે. આ માત્ર બે રાજ્યોનું મિલન નથી. આ સંગમ છે નર્મદા અને વૈદેહીમાં. આ સંગમ છે દ્વારકા અને મદુરાઈની પરંપરાનો, આ સંગમ છે સોમનાથ મહાદેવ અને રામનાથના રૂપમાં શિવની ભાવનાનો. બે પ્રાચીન સંસ્કૃતિનું આ અનેરું મિલન છે. આવા સંગમ થકી આપણે રાષ્ટ્રનિર્માણના કાર્યમાં આગળ ધપવાનું છે. કેમકે જયારે અલગ-અલગ ધારાઓ એક સાથે આવે છે ત્યારે આવા સંગમનું સર્જન થાય છે. આપણે આવા સાંસ્કૃતિક ઐક્ય થકી દેશને આગળ લઈ જવાનો છે. ગુલામીની માનસિકતામાંથી બહાર આવી આપણી વિરાસતને જાણવાનું ખુબ જરૂરી છે. વિરાસતને જાણશું તો જરૂર આપણને ફાયદો થશે.

તેમણે કહ્યું હતું કે, આપણે ૨૦૪૭ ના ભારતનું ભાવિ ઘડવાનું છે. આપણી સામે ૭ કાલખંડોના પડકાર છે. આવા સમયે આપણે ભેદ નથી શોધવાના પણ ભાવનાત્મક એકતા પ્રસ્થાપિત કરવાની છે. સાંસ્કૃતિક તકરાર નહીં પણ તાલમેલ પર ભાર મુકવો જોઈએ. બધાને સાથે લઈને ચાલવું એ જ તો ભારતીય પરંપરા છે. ગુજરાત અને તમિલનાડુનો પૌરાણિક કાળથી ગાઢ સંબંધ થયો છે. એટલે આ સંગમમ ભારતીય પરંપરા માટેની ઐતિહાસિક પહેલ બની રહ્યો છે. આ સંગમમ સૌરાષ્ટ્રની ધરા પર બે પ્રાચીન સંસ્કૃતિનો મહાન સંગમ છે.

અગાઉ મુખ્ય અતિથી તરીકે બોલતા મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલે જણાવ્યું હતું કે, આ સંગમમાં મોટી સંખ્યામાં સૌરાષ્ટ્રીયન તમિલ ભાઈ-બહેનોએ ભાગ લીધો છે. આ સંગમથી બે રાજ્યોના લોકો વધુ નજીક આવ્યા છે. ગુજરાતે હંમેશા બધાને સ્વીકાર્યા છે.

સમાપન સમારોહમાં વડાપ્રધાનનો આભાર માનતા મુખ્યમંત્રીએ કહ્યું હતું કે, ગુજરાતના આંગણે યોજાયેલ આ કાર્યક્રમ એક ભારત, શ્રેષ્ઠ ભારતનો મંત્ર સિધ્ધ કરવાનો સંગમ છે. ગુજરાત અને તમિલનાડુની કલા, આસ્થા, ભાષા અને પરંપરાને જોડતા કાર્યક્રમની પ્રેરણા આપવા બદલ હું વડાપ્રધાન મોદીનો હાર્દિક આભાર વ્યક્ત કરું છું. આ પ્રસંગે ઝારખંડના રાજ્યપાલ સી.પી.રાધાકૃષ્ણન, નાગાલેન્ડના રાજ્યપાલ એલ.ગણેશન, કેન્દ્રીય પશુપાલન અને ડેરી મંત્રી પરસોતમ રૂપાલા, કેન્દ્રીય પશુપાલન રાજ્યમંત્રી, કેન્દ્રીય સાંસ્કૃતિક બાબતોના રાજ્યમંત્રી શ્રીમતિ મીનાક્ષી લેખી, ગુજરાતના આરોગ્યમંત્રી ઋષિકેશ પટેલ, રાજ્યના પ્રવાસન અને સાંસ્કૃતિક પ્રવૃતિઓ મંત્રી મુળુભાઈ બેરા, જૂનાગઢના સાંસદ રાજેશ ચુડાસમા, ધારાસભ્યો અને સમાજના વિવિધ વર્ગના મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા.(૨.૧૨)

સોમનાથના સાનિધ્યમાં યોજાયેલા ૧૦ દિવસના સૌરાષ્ટ્ર તમિલ સંગમમનું સમાપન

૪ મહાનગરોના વિકાસ માટે રૂ.૫૯.૩૦ કરોડ મંજૂર કરાયા

વડોદરાને સૌથી વધુ ૩૭.૦૭ કરોડ, ભાવનગરને ૧૧.૬૭ કરોડ, જામનગરને રૂ.૨.૩૦ કરોડ અને અમરેલીને રૂ.૮.૨૬ કરોડની ફાળવણી

(એજન્સી સમાચાર)

અમદાવાદ, તા.૨૬

મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલે રાજ્યના ૪ શહેરી વિસ્તારોના આઉટગ્રોથ વિસ્તારોમાં પાણી પૂરવઠા, સ્ટોર્મ વોટર ડ્રેનેજ, રસ્તાઓ જેવા ઈન્ફ્રાસ્ટ્રકચર ડેવલપમેન્ટના કામો માટે રૂપિયા ૫૯.૩૦ કરોડની રકમ મંજૂર કરી છે.મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ સમક્ષ આ હેતુ માટે શહેરી વિકાસ વિભાગ દ્વારા ભાવનગર, વડોદરા અને જામનગર મહારપાલિકા તેમજ અમરેલી નગરપાલિકાના આઉટગ્રોથ વિસ્તાર વિકાસ કામોની દરખાસ્ત રજૂ કરી હતી.

તદ્દઅનુસાર, વડોદરા મહારપાલિકામાં આઉટગ્રોથ વિસ્તારના પાણી પૂરવઠા, ડ્રેનેજ, સ્ટ્રીટ લાઈટ અને રોડ-રસ્તાના ૧૬ કામો માટે ૩૭.૦૭ કરોડના કામો માટે મુખ્યમંત્રીએ સૈદ્ધાંતિક મંજૂરી આપી છે. આ ઉપરાંત, ભાવનગર મહાપાલિકામાં આવા આઉટગ્રોથ વિસ્તારના પેવર રોડ, આર.સી.સી. રોડ, મેટલ ગ્રાઉન્ડિગ સહિતના રૂ. ૧૧.૬૭ કરોડના ૩૭ કામો, જામનગર મહાપાલિકાના આઉટગ્રોથ વિસ્તારમાં રોડ મેટલિંગ અને આસ્ફાલ્ટ કાર્પેટ માટે ૨.૩૦ કરોડ રૂપિયાના કામોને મુખ્યમંત્રીએ સૈદ્ધાંતિક મંજૂરી આપી છે.

આ ઉપરાંત મુખ્યમંત્રીએ અમરેલી નગરપાલિકાના આવા આઉટગ્રોથ વિસ્તારમાં સ્ટ્રોમ વોટર ડ્રેનેજ, સી.સી.રોડ વગેરેના ૨૦ કામો માટે રૂ. ૮.૨૬ કરોડની સૈદ્ધાંતિક મંજૂરી આપી છે.વિકસીત ગુજરાતના સંકલ્પ સાથે હ્યુમન ડેવલપમેન્ટ ઈન્ડેક્ષ સુધારવાના હેતુથી આ વર્ષના બજેટમાં શહેરી ક્ષેત્રોની માળખાકીય સગવડો માટે ૩૭ ટકાનો માતબર વધારો સૂચવાયો છે. એટલું જ નહિ, નગરો-મહાનગરોમાં આવી પાયાની માળખાકીય સુવિધાઓ માટેની સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના રૂ. ૮૦૮૬ કરોડની જોગવાઈ સાથે ૨૦૨૪ સુધી લંબાવવામાં આવી છે.

ધો.૧૦ નાપાસ વિદ્યાર્થીને નિયમિત વિદ્યાર્થી તરીકે શાળામાં પ્રવેશ મળશે!

આગામી કારોબારી બેઠકમાં ગુજરાત શિક્ષણ બોર્ડ નિર્ણય જાહેર કરે તેવી શક્યતાઃ ગરીબ અને નબળા પરિવારના વિદ્યાર્થીઓના વાલીઓની રજૂઆતોને ધ્યાનમાં લેવાઈઃ શાળા સંચાલક મંડળ દ્વારા પણ અગાઉના બદલાયેલા નિયમને પૂર્વવત કરવા રજૂઆત

(એજન્સી સમાચાર)

અમદાવાદ તા.૨૬

ધો.૧૦ ની પરીક્ષામાં નાપાસ થયેલા વિદ્યાર્થીઓ હવે શાળામાં નિયમિત વિદ્યાર્થી તરીકે પ્રવેશ મેળવી અભ્યાસ કરી શકે. આ માટે ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડની આગામી કારોબારી સમિતીની બેઠકમાં નિર્ણય લેવા તૈયારી કરવામાં આવી છે.

તાજેતરમાં શિક્ષણમંત્રીની અધ્યક્ષતામાં મળેલી બેઠકમાં સંચાલક મંડળ દ્વારા આ પ્રશ્ન ઉઠાવવામાં આવ્યો હતો.જેમાં આ નિયમનો ફરી અમલ કરવામાં આવે તેવી વિચારણા શરૂ થઈ હતી.આગામી દિવસોમાં જોગવાઈમાં ફેરફાર કરી ધો.૧૦ ની બોર્ડ પરીક્ષામાં નાપાસ થયેલા વિદ્યાર્થીને નિયમિત વિદ્યાર્થી તરીકે બેસવા દેવા અંગે નિર્ણય લેવાશે.

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા લેવામાં આવતી ધો.૧૦ ની પરીક્ષામાં નાપાસ થયેલા વિદ્યાર્થી ફરી સ્કૂલમાં નિયમિત વિદ્યાર્થી તરીકે અભ્યાસ કરી શકે તેવી જોગવાઈ અગાઉ હતી. ૧૯૭૪ થી આ જોગવાઈ પ્રમાણે વિદ્યાર્થીઓને સ્કૂલમાં નિયમિત વિદ્યાર્થી તરીકે પ્રવેશ મળતો હતો. જોકે શિક્ષણ બોર્ડ દ્વારા ૨૦૨૧ માં રાતોરાત જોગવાઈમાં સુધારો કર્યો હતો અને ધો.૧૦ માં નાપાસ થયેલા વિદ્યાર્થી નિયમિત વિદ્યાર્થી તરીકે સ્કૂલમાં અભ્યાસ ન કરી શકે તેવી જોગવાઈ કરવામાં આવી હતી. શિક્ષણ બોર્ડ દ્વારા નિયમમાં રાતોરાત ફેરફાર કરવામાં આવતા ભારે ઉહાપોહ થયો હતો.સંચાલક મંડળ દ્વારા પણ આ મુદ્દે રજૂઆત કરવામાં આવી હતી. જોકે રજૂઆત પછી પણ કોઈ નકકર કાર્યવાહી કરવામાં આવી ન હતી. ધો.૧૦ માં નાપાસ થયેલા ગરીબ વિદ્યાર્થીઓ સામાન્ય ફી ભરીને સ્કૂલમાં નિયમિત વિદ્યાર્થી તરીકે ભણી શકતા હતા.પરંતુ જોગવાઈમાં ફેરફાર બાદ આ ગરીબ બાળકોએ અભ્યાસ પડતો મુકયો હોવાની રજુઆત પણ સંચાલક મંડળ દ્વારા કરવામાં આવી હતી. જેથી ધો.૧૦ માં નાપાસ થયેલા વિદ્યાર્થી નિયમિત તરીકે ભણી શકે તે માટે રજૂઆતો કરવામાં આવી હતી.

આ અંગે સંચાલક મંડળનાં પ્રમુખ ભાસ્કર પટેલે જણાવ્યું હતું કે શિક્ષણમંત્રીની અધ્યક્ષતામાં મળેલી બેઠકમાં ધો.૧૦ ના નાપાસ વિદ્યાર્થીઓને નિયમીત તરીકે પ્રવેશ માટે સંમતી સધાઈ હતી. જોકે તાજેતરમાં મળેલી કારોબારી સમિતિની બેઠકમાં આ મુદ્દે એજન્ડામાં ન હોવાથી ફરી રજૂઆત કરાઈ છે અને હવે ટુંક સમયમાં આ મુદ્દે નિર્ણય લેવાશે. નિયમ મુજબ એક વર્ગમાં મહતમ ૧૦ જેટલા નાપાસ વિદ્યાર્થીઓને પ્રવેશ આપવાની જોગવાઈ અગાઉ હતી. તે મુજબ જ ફેરફાર કરવામાં આવે તો ગરીબ વિદ્યાર્થીઓને લાભ થશે.

છત્તીસગઢમાં ભયાનક નક્સલી હુમલોઃ ૧૧ જવાન શહીદ

(એજન્સી સમાચાર)

નવી દિલ્હી, તા.૨૬

છત્તીસગઢમાં દંતેવાડા વિસ્તારમાં નક્સલવાદીઓએ ભયાનક આઈઈડી બ્લાસ્ટ કરતા ૧૧ જવાનો શહીદ થયા છે. ઘટના બાદ તુરંત જ પોલીસ અને નક્સલીઓ વચ્ચે જોરદાર અથડામણ શરૂ થઈ ગઈ હતી. પોલીસે સમગ્ર વિસ્તારને ઘેરી લીધો છે અને નક્સલીઓની જોરદાર શોધખોળ કરવામાં આવી રહી છે.

દંતેવાડા પંથકના અરનપુર વિસ્તારમાંથી ડીઆરજી જવાનોનો કાફલો પસાર થઇ રહ્યો હતો ત્યારે પ્રચંડ શકિતશાળી વિસ્ફોટકોથી નક્સલવાદીઓએ ભયાવહ આઈઈડી બ્લાસ્ટ કર્યો હતો. જેના કારણે કાફલાના એક વાહનના પૂરચા ઉડી ગયા હતા. ૧૦ ડીઆરજી જવાન, એક ડ્રાઈવર જવાન શહીદ થઇ ગયા હતા. તેમ છત્તીસગઢ પોલીસના વડા એ જણાવ્યું હતું. ઘટનાને પગલે પોલીસ અને અર્ધલશ્કરીદળોના ઉચ્ચ અધિકારીઓ ઘટના સ્થળે ધસી ગયા છે. કેટલા જવાનો ઘાયલ થયા એ હજુ જાણવા મળ્યું નથી. સમગ્ર વિસ્તારને કોર્ડન કરી હત્યારાઓની શોધખોળ કરવામાં આવી રહી છે.(૨.૧૨)

ક્રાઈમ કોર્નર

વૃધ્ધાએ બિમારીથી કંટાળી ઘઉંના ટીકડા ખાઈ આપઘાત કર્યો

રાજકોટ : શહેરના મવડીના પંચશીલનગરમાં રહેતા જયાબેન ખીમજીભાઈ વાઘેલા (ઉ.વ.૭૦) નામના વૃધ્ધાએ બપોરે ઘઉંમાં નાખવાના ઝેરી ટીકડા ખાઈ લેતા સિવિલ હોસિપટલે ખસેડાયા હતા પરંતુ અહીં મોત નીપજતા તાલુકા પોલીસનો સ્ટાફ દોડી ગયો હતો. પ્રાથમિક તપાસમાં લાંબા સમયથી માનસિક બિમારીથી પીડાતા હોય જેથી આ પગલું ભર્યાનું જાણવા મળ્યું છે.

સીસીટીવી ન રાખનાર ચાર વેપારી સામે ફરિયાદ

રાજકોટ : રાજકોટ શહેર પોલીસ વિસ્તારમાં દરેક ધંધાકીય સ્થળોએ સીસીટીવી કેમેરા ફરજીયાત રાખવા અંગે પોલીસ કમિશનરનું જાહેરનામું હોય છતાં જાહેરનામાનો ભંગ કરતા હોય તેવા વેપારીઓ સામે પોલીસે કાયદાનું શસ્ત્ર ઉગામ્યું છે જેમાં સાધુ વાસવાણી રોડ ઉપર ડી પટેલ સેલ્સના માલિક ધાર્મિક જીતેશભાઈ ભૂત, ભાગ્યોદય શોપના માલિક ધ્રુમીલ સંદીપભાઈ મહેતા, ગણેશ પ્રોવિઝન સ્ટોર્સના માલિક મનસુખ ઓધવજીભાઈ કગથરા અને સ્તુતિ કલેરીના માલિક ભૂમિકાબેન સામે જાહેરનામાં ભંગ સબબ ગુનો નોંધવામાં આવ્યો છે.

સગાઈ તોડી નાખતા યુવતીના માતા-પિતા સહિત ૫ ઉપર હુમલો

રાજકોટ : શહેરના રેલનગરમાં શ્રદ્ધા સોસાયટીમાં રહેતા રાજેશભાઈ ભીખાભાઈ ચાવડાએ ભાવેશ અશોક પરમાર, હક્કુબેન અશોકભાઈ પરમાર, કંચનબેન, કંચનબેનની પુત્રવધુ, દીકરો જયદીપ અને બીજા દીકરા સામે પ્રનગર પોલીસમાં નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યું હતું કે મારી દીકરી મનીષાની નવાગામના ભાવેશ સાથે ૩ માસ પૂર્વે સગાઈ થઈ હોય પરંતુ ભાવેશ દીકરીને ગાળો આપતો હોય સગાઈ તોડી નાખવાની વાત કરતા બધા ઘરે આવ્યા હતા અને ઝગડો કરી ગાળો ભાંડી મને અને પત્નીને ધોકા પાઈપથી માર માર્યો હતો જયારે જમાઈ રઘુભાઈ, દીકરી હીનાબેન અને પુત્ર રોનક પર છરીથી હુમલો કરી ધમકી આપ્યાનું જણાવતા પીએસઆઈ એસ કે ભગોરાએ તપાસ હાથ ધરી છે.

અમરનાથ સોસાયટીમાં ચીલઝડપનો પ્રયાસ

રાજકોટ : શહેરના વૈશાલીનગરમાં રહેતા પન્નાબેન અનકુભાઈ ખાખડીયા નામના મહિલા ગત ૨૨ તારીખે અમરનાથ સોસાયટીમાં ઘરકામ માટે જતા હતા ત્યારે મોઢે રૂમાલ બાંધી એકટીવા લઈને એક શખ્સ ધસી આવ્યો હતો અને કાનમાં પહેરેલા સોનાના બુટીયામાં કોંટ મારી લૂંટી લેવાનો પ્રયાસ કર્યો હતો પરંતુ મેં બુટીયા પકડી રાખતા તે ધક્કો મારી ભાગી ગયો હોય આ અંગે ગાંધીગ્રામ પોલીસમાં અજાણ્યા શખસ સામે ફરિયાદ નોંધાવી હતી.

લક્ષ્મીવાડીમાં પ્રૌઢને મરવા મજબુર કરતાર વધુ બે મહિલાઓની ધરપકડ

રાજકોટ : લક્ષ્મીવાડીમાં રહેતા અને શાકભાજીનો વેપાર કરતા રાજેશભાઈ પ્રતાપભાઈ પરમાર (ઉ.વ.૪૭)એ ગત તા. ૧૭ જાન્યુઆરીના રોજ ઢેબર રોડ પર ઝેરી દવા પી લેતા તેને સારવાર માટે હોસ્પિટલમાં ખસેડાયા હતા જેનું સારવાર દરમિયાન ૨૧ જાન્યુઆરીએ મોત નીપજતા ભકિતનગર પોલીસ મથકના પીએસઆઈ જાડેજા સહિતના સ્ટાફે તપાસ કરતા તેની પાસેથી સ્યુસાઈડ નોટ મળી હતી જેમાં તેને પૂર્વ પ્રેમિકા મિતલ તથા તેના પરિવારજનો રંજન, ખમ્મા અને પંકજના ત્રાસથી આ પગલું ભર્યાનું જણાવતા પોલીસે પંકજ અને મીતલની ધરપકડ કર્યા બાદ ૨૪ એપ્રિલે રંજનબેન શૈલેશભાઈ રાઠોડ અને ખમ્માબેન સુખદેવભાઈ જાદવની ધરપકડ કરી પુછતાછ માટે રીમાન્ડની માંગણી સાથે કોર્ટ હવાલે કરતા કોર્ટે એક દિવસના રિમાન્ડ મંજુર કરતા પોલીસે વધુ કાર્યવાહી હાથ ધરી છે.

રૂખડિયામાં મકાનના પતરા ઉચકાપી, પ્રવેશી ૭૨ હજારની ચોરી

રાજકોટ : રાજકોટના રૂખડિયાપરાના ખાડામાં રહેતા રીક્ષાચાલક વૃદ્ધ બટુકભાઈ ભીખાભાઈ ધામેચા (ઉ.વ.૬૪) બે દિવસ પહેલા પત્ની સાથે વાંકાનેર પિતરાઈના ઘરે ગયા હતા ત્યારે અજાણ્યા તસ્કરોએ મકાન ઉપર ચડી સિમેન્ટના પતરા ઉચકાવી ૫૦ હજાર રોકડા, ડોકયુમેન્ટ, સોના-ચાંદીના દાગીના સહિત ૭૨ હજારની મતા ચોરી જતા આ અંગે પ્રનગર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતા પીએસઆઈ બી કે ગોહિલ સહિતે તપાસ હાથ ધરી છે.

આમ આદમી પાર્ટી રાજકોટ શહેર મહિલા મોરચાના હોદ્દેદારોની વરણી

'સૌરાષ્ટ્ર ક્રાંતી' કાર્યાલયની મુલાકાતે આવેલા રાજલબેન ગઢવી(પ્રમુખ), માયાબેન, શિતલબેન ગોહિલ, ગીતાબા જાડેજા, ઈલાબેન મારૂ, દક્ષાબેન રાજગોર, ઈન્દુભા રાઓલ(પ્રદેશ જોઈન્ટ સેક્રેટરી), આર.કે.બાબરીયા(લીગલ પ્રમુખ), મહેશભાઈ સોનછાત્રા તસવીરમાં નજરે પડે છે.

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)
રાજકોટ, તા.૨૬

ગુજરાત પ્રદેશ મહિલા પ્રમુખ રેશમાબેન પટેલ અને રાજકોટ શહેર પ્રમુખ દિનેશભાઈ જોષી સાથે સંકલન અને વિચાર વિમર્સ કરી રાજકોટ શહેર મહિલા મોરચાના પ્રમુખ રાજલબેન ગઢવી દ્વારા મહિલા મોરચાના હોદ્દેદારોની વરણી કરવામાં આવી છે. ચંદ્રિકાબેન ખુંટ(ઉપપ્રમુખ), માયાબેન સોનછાત્રા(ઉપપ્રમુખ), શિતલબેન ગોહિલ(મહામંત્રી), અર્ચના કથીરીયા(મંત્રી), ગીતાબા જાડેજા(મંત્રી), આબેતાબેન શેખ(સહમંત્રી), ઈલાબેન મારૂ(સહમંત્રી) અને દક્ષાબેન રાજગોર(મંત્રી)ની વરણી કરવામાં આવી છે.

સ્ટેટ બેંકના પેન્શનરોની પેન્શનર્સ મીટ સંપન્ન

૩૦૦ થી વધુ પેન્શનરોની હાજરી

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)
રાજકોટ, તા.૨૬

એસ.બી.આઈ પેન્શનર્સ એસોસિએશન રાજકોટ વિભાગ દ્વારા એડમીન ઓફીસ રાજકોટના સહયોગથી બેંકની એડમીન ઓફીસમાં બેંકના એ.જી.એમ નિરજભાઈ જોષી, પ્રકાશભાઈ જાની, બેંક યુનિયનના અગ્રણી ચિંતન માંડવીયા, સેવાના નલિન રાણાના અતિથિ વિશેષ પદે બેંકની જોનલ ઓફિસમાં પેન્શનર્સ મીટ યોજવામાં આવેલ. જેનું બેંકના ડેપ્યુટી જનરલ મેનેજર વિનોદ અરોરાએ દીપ પ્રાગ્ટય કરેલ. ૩૦૦ થી વધુ સભ્યો હાજર રહેલ. કાર્યક્રમનો પ્રારંભ પ્રાર્થના ગીતથી કરવામાં આવ્યો હતો. વર્ષોથી રાજકોટ શહેરમાં સેવા પ્રવૃત્તિ કરતા બેંકના પેન્શનર અનુપમભાઈ દોશી બંનેનું વિશિષ્ટ સન્માન કરવામાં આવેલ. પેન્શનર્સ મીટમાં સભ્યોના હેલ્થ અવેરનેસ માટે સ્ટેટ બેંક પરિવારના નિવૃત્ત સ્ટાફના સંતાનો એવા ડાયાબીટીસ નિષ્ણાંત ડો.પારેખ અને આર્થોપડીક સર્જન ડો. દેવાંગ માંડલીયાએ ઉપસ્થિત રહીને સરળ ભાષામાં જાણકારી આપેલ અને પ્રશ્નોના ઉત્તર આપેલા સંસ્થા દ્વારા બંનેનું સન્માન પણ કરવામાં આવેલ. બેંકના ઉચ્ચ અધિકારીઓએ પ્રાસંગિક ઉદબોધનમાં ઉપસ્થિત પેન્શનરોને વંદન કરી આવકારેલ અને બેંકની ડીપોઝિટ, હેલ્થ પ્લાન સહિતની યોજનાઓની માહિતી આપી હતી.

શહેર કોંગ્રેસના આગેવાનોમાં ભારે રોષ, લોકશાહીનું હનન કરાયાનો આક્ષેપ

રાજકોટ મહાપાલિકાના વિપક્ષી નેતાનો હોદ્દો, કચેરીના વાહન પરત લેવાનું પગલું ગેરબંધારણીય ગણાવતી શહેર કોંગ્રેસ

કોંગ્રેસ રાષ્ટ્રીય માન્યતા પ્રાપ્ત રાજકીય પક્ષ હોવાથી પક્ષના ચૂંટાયેલા પ્રતિનિધિ માટે ઓફિસ અને બેઠક વ્યવસ્થા કરવા મેયરને લેખિત રજૂઆત

રાજકોટઃ રાજકોટ મહાનગરપાલિકા વિરોધપક્ષના નેતા ભાનુબેન સોરાણી, કોર્પોરેટર મકબુલભાઈ દાઉદાણી, અશોક ડાંગર (પ્રદેશ કોંગ્રેસ મંત્રી) અને મહેશ રાજપૂત (પ્રદેશ કોંગ્રેસ મંત્રી) તસ્વીરમાં નજરે પડે છે.(૨.૧૨)

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)
રાજકોટ, તા.૨૬

રાજકોટ મહાનગર પાલિકામાં વિરોધ પક્ષના નેતા કોંગ્રેસના સભ્ય ભાનુબેન સોરાણીને વિપક્ષના નેતા તરીકે અપાયેલી સુવિધાઓ પાછી લઇ લેવાના પગલા સામે શહેર કોંગ્રેસે જોરદાર વિરોધ કર્યો છે અને આ પગલું ગેરબંધારણીય ગણાવ્યું છે.

શ્રીમતિ ભાનુબેન સોરાણી અને મકબુલ દાઉદાણીએ મેયર ડો.પ્રદીપ ડવને એક ખાસ પત્ર પાઠવી મહાનગરપાલિકામાં ચૂંટાયેલા કોંગ્રેસના પ્રતિનિધિઓ માટે ઓફિસ ફાળવવા અને બેઠક વ્યવસ્થા કરવા માંગણી કરી છે. તેમણે પત્રમાં જણાવ્યું છે કે, મનપામાં વિપક્ષના નેતા તરીકે મળેલી ઓફિસ અને વાહન પરત લેવાની સુચના મળતા અમે એ પરત કરી રહ્યા છીએ. મહાપાલિકામાં તંત્રવાહકોએ તુઘલખી નિર્ણય લઈને અમારી વિપક્ષના દરજ્જે મળેલી ઓફિસ અને વાહન પરત લઈ લીધા છે એ ગેરબંધારણીય છે.

તેમણે પત્રમાં માંગણી કરી છે કે, કોંગ્રેસ એ માન્ય રાજકીય પક્ષ છે. એટલે કોંગ્રેસના ચૂંટાયેલા પ્રતિનિધિને ઓફિસ ફાળવવી જોઈએ અને બેઠક વ્યવસ્થા કરવી જોઈએ. લોકોના પ્રશ્ન સાંભળવા અલગ બેઠક વ્યવસ્થા મેળવવી એ ચૂંટાયેલા પ્રતિનિધિઓ બંધારણીય અધિકાર છે. કોઈપણ પક્ષના ચૂંટાયેલા પ્રતિનિધિને બેઠક વ્યવસ્થા કરી આપવાની આપ ની ફરજ બને છે. જો કોંગ્રેસના સભ્યોને ઓફિસ ફાળવવામાં નહીં આવે તો ગાંધીચિંધ્યા રાહે આગળની કાર્યવાહી કરવામાં આવશે.

કોંગ્રેસના પ્રતિનિધિઓની સાથે પ્રદેશ કોંગ્રેસ મંત્રી મહેશ રાજપૂત, પ્રદેશ કોંગ્રેસ મહામંત્રી અશોક ડાંગર પણ ખાસ ઉપસ્થિત રહ્યા હતા. આ તબક્કે મહેશ રાજપૂતે મીડિયા સમક્ષ જણાવ્યું હતું કે, વિપક્ષી નેતાની ઓફિસ અને વાહન પરત લઈને લોકશાહીનું હનન કરવામાં આવ્યું છે. જેની સામે કોંગ્રેસ પક્ષ લડત આપશે.(૨.૧૨)

સરગમ લેડીઝ કલબના ઉપક્રમે ફકત બહેનો માટે સમર ટ્રેનિંગ કલાસીસનું આયોજન

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)
રાજકોટ, તા.૨૬

સરગમ લેડીઝ કલબના ઉપક્રમે ફક્ત બહેનો માટે છેલ્લા ૨૫ વર્ષથી સમર ટ્રેનિંગ કલાસીસ નું આયોજન કરતા આવે છે. આ વર્ષે પણ ટોકન ચાર્જથી રૂપિયા ફક્ત રૂપિયા ૧૦૦/- ૧૧ દિવસનો ચાર્જ રહેશે. સમર કેમ્પની તા. ૪ થી ૧૪ મે ૧૧ દિવસ માટે સાંજે ૫ થી ૭ કોટક સ્કૂલ મોટી ટાંકી ચોક ખાતે યોજેલ છે.

ફોર્મ ભરવા માટે સરગમ ચિલ્ડ્રન લાયબ્રેરી-મહિલા કોલેજ ચોક, પોલીસ ચોકી ઉપર, સરગમ ક્લબ-સરગમ ક્લબ જાગનાથ મંદિર ચોક, સરગમ મહિલા લાયબ્રેરી-આમ્રપાલી રોડ, પોલીસ ચોકી ઉપર, સરગમ ભવન-જામ ટાવર રોડ જી.ટી. શેઠ હોસ્પિટલની સામે ફોર્મ મેળવવા અને ભરવા માટેનો સમય સવારના ૧૦ થી ૧ અને બપોરના ૪ થી ૭ સુધીનો રહેશે.

આ કલાસીસમાં કુલ ૩૨ વિષય શીખવવામાં આવશે, તમામ ટીચર્સ નિષ્ણાંત અને જાણકાર લેડીઝ ટીચર રહેશે. આ પ્રમાણે વિષય રહેશે.

બ્યુટી કેર અને હાર્બર બ્યુટી, ગ્લાસ્સ, નિબ અને ગ્લેઝ પેઈન્ટીંગ અને વોલ કલોક મેકિંગ, મહેંદી (અરેબિક્સ, ટ્રેડીશનલ), હેરકટ, હેર સ્ટાયલ, મેકઅપ, ફેશન ડીઝાઈનીંગ, સ્પોકન ઈંગ્લીશ, કેન્ડલ મેકિંગ, ફલાવર મેકિંગ, દોરી તથા સુતળીના શોપીસ, સોફ્ટ ટોયઝ તથા મઢ મિરર, ટાઈ એન્ડ ડાઈ, હેન્ડ એમ્બ્રોડરી, બાટિક પ્રિન્ટ, ફેબ્રિક પેઈન્ટિંગ, પર્સનાલીટી ડેવલોપમેન્ટ, ફોક ડાન્સ, દાંડિયા રાસના સ્ટેપ્સ, કુકિંગ, મોતીના દાગીના તથા બોર્ડર, મચી વર્ક (ટીકી ભરતકામ), આઈસ્ક્રીમ, સરબત, કેક, પેપર ક્વિલીંગ, રીબીન વર્ક, ગ્રિટીંગ્સ, લગ્નમાં વપરાતી વસ્તુઓનો શણગાર તથા વેસ્ટમાંથી બેસ્ટ, લામાશા વર્ક, રેશમ થ્રેડ ઓર્નામેન્ટ્સ જવેલરી મેકિંગ, અંકોડી વર્ક (એક સુયાનું વર્ક), કિચન ગાર્ડનીંગ, ફિશન મેકિંગ, કોડીના દાગીના અને ફેન્સી શોપીસ, સિરામિક ફેબ્રિક પેઇન્ટિંગ કોલોઝ, ફલાવર મેકિંગ ફેન્સી શોપીસ, કેલીગ્રાફ, ચોકલેટ મેકિંગ, સાબુ બનાવવાની રીત, જીન્સ, પેન્ટ માંથી વિવિધ વસ્તુઓ આ મુજબના વિષયો રહેશે.

આ સમર ટ્રેનીંગ ક્લાસને સફળ બનાવવા માટે ગુણવંતભાઈ ડેલાવાળાના માર્ગદર્શન હેઠળ ડો. ચંદાબેન શાહ, નીલુબેન મહેતા, ડો. માલાબેન કુંડલીયા, અલ્કાબેન કામદાર, ગીતાબેન હીરાણી, સુધાબેન ભાયા, જશુમતિબેન વસાણી, ભાવનાબેન મહેતા, ચેતનાબેન સવજાણી, જયશ્રીબેન મહેતા, અલ્કાબેન ધામેલીયા, મધુરિકાબેન જોડેજા, હેલીબેન ત્રિવેદી, કાશ્મીરાબેન નથવાણી, જ્યોતિબેન રાજ્યગુરુ, લતાબેન તન્ના, શીલાબેન ચાંદરાણી, કાંતાબેન કથીરિયા, જયશ્રીબેન શેજપાલ, જ્યોતિબેન ટીલવા, તેમજ લેડીઝ કલબના ૬૦ કમિટી મેમ્બર ઝહેમત ઉઠાવી રહ્યા છે. તેમ જણાવ્યું છે.

શાળાકીય કક્ષાએથી જેને લોકસાહિત્યની લગની લાગી એવા કલાકાર ભદ્રેશ રાઠોડ

જાણીતા લેખક અને લોકગાયકો પણ જેના ગીત પસંદ કરે છે એવા લોકસાહિત્યકારનો ઈન્સ્ટાગ્રામ રીલ્સ પર દબદબો; 'આપણા ઈ આપણા' રીલ ઈન્સ્ટાગ્રામ પર લગભગ દોઢ થી બે કરોડ દર્શકોની પસંદ બન્યું

રાજકોટ, તા.૨૬

કહેવાય છે કે, 'પુત્રના લક્ષણ પારણામાંથી' આ કહેવતને જીવનમાં સાર્થક કરી બતાવનાર યુવા લોકસાહિત્યકાર ભદ્રેશ રાઠોડને નાનપણથી જ ગીત- સંગીત અને લોકસાહિત્યની લગની લાગી ગઈ હતી અને સખ્ત પરિશ્રમ થકી આજે એમના ગીતો ઈન્સ્ટાગ્રામ રીલ્સ પર અત્યંત લોકપ્રિય બન્યા છે અને લાખો દર્શકો નિહાળી ચુક્યા છે.

સૌ૨.૧૨

કાંતી સાથેની રસપ્રદ વાતચીત દરમ્યાન ભદ્રેશ રાઠોડે માંડીને પોતાની સંગીત સફરની રસપ્રદ વાતો કરી હતી. તેમણે જણાવ્યું કે, શાળા કક્ષાએથી જ મારી સુર સાધના શરૂ થઇ હતી. ૭- ૮ વર્ષની ઉંમરથી જ મે લોકગીત ગાવાનું શરૂ કર્યું હતું. શાપરના લેખક હરિભાઈ ભરવાડે કૃષ્ણ જન્મોત્સવ પર એક સુંદર રચના લખી હતી. જેનું મેં દ્વારકામાં જઈને રેકોર્ડીંગ કર્યું હતું. આ ગીતનું મુખડું આ પ્રકારે છે. 'આઠમની અધરાત્રે જન્મ્યો જાદવ, માખણનો ચોર રાજ આવે માધવ'. ભદ્રેશ રાઠોડને ટોચ પર પહોંચાડનાર ગીત એ 'આપણા ઈ આપણા' નામનું સુંદર ગીત છે. ઈન્સ્ટાગ્રામ રીલ્સ પર આ ગીતના દર્શકોની સંખ્યા દોઢ થી બે કરોડ જેટલી થઇ ગઈ છે. વિખ્યાત સાહિત્યકાર અને લોકગાયક જીગ્નેશ બારોટનો ભવ્ય લોકડાયરો એકવાર ભદ્રેશના ગામની બાજુમાં મુંગલપુરમાં યોજાયો હતો. ત્યારે ખુદ જીગ્નેશ બારોટે ભદ્રેશને 'આપણા ઈ આપણા' ગીત ગાવાની ફરમાઈશ કરી. જે દર્શાવે છે કે આ ગીત એમની કારકિર્દીના સોનેરી પીંછા સમાન છે. ભદ્રેશના ૩ વીડિયો આલ્બમ 'મોગલનો દીવો', 'મઢડે બેઠી સોનલમાં' વગેરે બહાર પડી ગયા છે.

પોતાની પસંદગી અને રૂચીની વાત કરતા એમણે કહ્યું કે, હું લોકગાયક રાજભા ગઢવીને નિયમિત સાંભળું છું. તેમણે આપણા મહાન કાઠીયાવાડી લેખકો અને લોકસાહિત્યકારોના પુસ્તકો વાંચવા ગમે છે. હાલ તેઓ મેઘાણી બાપુ લિખિત સૌરાષ્ટ્રની રસધાર ઉપરાંત કાગબાપુનું સાહિત્ય અને ગીર ગંગોત્રીનું વાંચન કરી રહ્યા છે.(૨.૧૨)

વિખ્યાત લોકસાહિત્યકાર જીગ્નેશ બારોટને પણ આ ગીત ખૂબ જ પસંદઃ મેઘાણી બાપુ અને કાગબાપુનું સાહિત્ય વાંચવાનું આ કલાકારને નાનપણથી શોખ

પુજા હોબી સેન્ટર અને પોદાર જમ્બો કિડ્ઝ દ્વારા

બાળકો માટે સમર કેમ્પ-૨૦૨૩નું આયોજન

અમદાવાદ, બરોડા, સુરત, જામનગર, જૂનાગઢ, મોરબી, સુરેન્દ્રનગરના બાળકો કેમ્પમાં જોડાશે

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)
રાજકોટ, તા.૨૬

સતત ૩૨ માં વર્ષે બાળકો માટેના સમર કેમ્પ-૨૦૨૩ માં શેરી રમત નારગોલ કે કબડી, ખોખો,પકડમદાવ, સંતાકૂકડી જેવી જૂની રમતો સાથે જ નવી રમતો ડાન્સ, જીમ્નાસ્ટીક, સ્કેટીંગ, બોલગેઈમ્સ, કરાટે, ડ્રોઈંગ જેવી ૩૨ થી વધારે પ્રવૃત્તિઓનું આયોજન કરાયું છે.

પુજા હોબી સેન્ટરના ૩૨ મા વર્ષમાં પ્રવેશ નિમિત્તે ૩૨ પ્રવૃત્તિઓનું સમર કેમ્પનું આયોજન કરેલ છે. જેમાં ૩ થી ૧૫ વર્ષના બાળકો શારીરિક-માનસિક વિકાસ થઈ શકે તેવી અનેક પ્રવૃત્તિઓ શરૂ કરવામાં આવી છે. જુદા જુદા એઈજગ્રુપમાં બાળકો ૩ થી ૫ વર્ષ, ૬ થી ૯ વર્ષ, ૧૦ થી ૧૫ વર્ષ એમ ૩ ગ્રુપમાં બાળકો અલગ અલગ પ્રવૃત્તિઓ કરશે.

આ તમામ પ્રવૃત્તિમાં ફીઝીકલ ઉપરાંત પર્સનાલીટી ડેવલોપમેન્ટ, જનરલ નોલેજ, સ્પોકન ઈંગ્લીશ, રાઈટીંગ, ટયુશન, મેથ્સ, ક્રિએટીવ સ્ટોરી, કેરમ, ચેસ, શો એન્ડ ટેલ, મેઈક એન્ડ ઈટ, વોટર પ્લે તથા અનેક પ્રવૃત્તિઓ નિષ્ણાંત કોચીસ દ્વારા બાળકોને કરાવવામાં આવે છે.

છેલ્લે બાળકોની દરેક પ્રવૃત્તિમાં તેની નિપુણતા દેખાય છે. ભવિષ્યમાં આ જ બાળકો મનગમતી પ્રવૃત્તિમાં સ્ટેટ - નેશનલ લેવલે પોતાનું પરફોર્મન્સ આપે છે.

સવારે ૯ થી ૧ તથા સાંજે ૫ થી ૮ દરમિયાન અનેક બાળકો આ સમર કેમ્પમાં જોડાવાના છે તથા ૩૨ થી વધારે પ્રવૃત્તિઓ કરવાના છે. આ ઉપરાંત રેગ્યુલર એકટીવીટી પણ બાળકોને કરાવવામાં આવે છે. જેમાં બાળકો મનગમતી પ્રવૃત્તિ કરે છે. રાજકોટ ઉપરાંત અમદાવાદ-બરોડા-સુરત-જામનગર-જુનાગઢ-મોરબી-સુરેન્દ્રનગરના પણ ઘણા બાળકો આ કેમ્પમાં જોડાવાના છે.

રસ ધરાવતા વાલીઓ સવારે ૯ થી ૧ તથા સાંજે ૫ થી ૮ દરમિયાન ઓફિસમાં સંપર્ક કરવો, ૬ ગુજરાત હાઉસિંગ બોર્ડ, અમીન માર્ગ અક્ષર માર્ગ પુજા હોબી સેન્ટર ફોન ૯૩૭૫૭ ૦૫૦૦૫ પર સંપર્ક કરવા યાદીમાં જણાવવામાં આવ્યું છે.

વાચકોએ નોંધ લેવી

કે કોઇપણ જાહેર ખબરમાં જણાવેલી માહિતીની સત્યતા બાબતે અમો કોઇ બાહેંધરી આપતા નથી. વાચકોએ પોતાની રીતે પુરતી ચકાસણી કરીને યોગ્ય નિર્ણય લેવાનો રહેશે.

વ્યવસ્થાપક: સૌરાષ્ટ્ર ક્રાંતી

રાજકોટ મહાનગરપાલિકા દ્વારા 'વિશ્વ મેલેરિયા દિવસ' ની ઉજવણી કરાઇ

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)
રાજકોટ, તા.૨૬

રાજકોટ મહાનગરપાલિકા દ્વારા ૨૫ એપ્રિલ ''વિશ્વ મેલેરિયા દિવસ'' નિમિતે વિવિધ કાર્યક્રમો દ્વારા ઉજવણી કરવામાં આવેલ, જેમાં રાજકોટના શહેરીજનોને મેલેરિયા રોગ, રોગ અટકાયતી અંગેના ઉપાયો તથા મચ્છર ફેલાવતા મચ્છર ઉત્પતિ અટકાયતી પગલાં વિશે વિગતવાર માહિતી મળી રહે વોર્ડવાઇઝ વિવિધ જનજાગૃતિ કાર્યક્રમો કરવામાં આવેલ.

તંત્રી લેખ

વર્ષ ૨૦૨૨માં ઓગસ્ટ મહિના સુધી મેલેરીયાના ૧૦૦૧ કેસ...

વિશ્વ મેલેરિયા દિવસ ઉજવવાનો મુખ્ય હેતુ લોકોને મેલેરિયા વિશે જાગૃત કરવાનો અને તેમના જીવનની સુરક્ષા કરવાનો છે.મેલેરિયા કે જે મચ્છરો દ્વારા ફેલાતી સૌથી જીવલેણ બીમારી છે કે જે માદા એનોફિલિસ મચ્છરના કરડવાથી ફેલાય છે. આ મચ્છર ડંખ મારતી વખતે આપણા લોહીમાં પોતાના પરોપજીવી છોડે છે. આ પરોપજીવી શરીરમાં પ્રવેશતાની સાથે જ તે લીવર તરફ આગળ વધે છે. પરિપક્વતાના થોડા દિવસો બાદ પરોપજીવી લોહીમાં પ્રવેશ કરે છે અને લાલ રક્ત કોશિકાઓને નુકસાન પહોંચાડે છે. લોકોને આ ખતરનાક સંક્રમણ વિશે જાગૃત કરવા માટે દર વર્ષે ૨૫મી એપ્રિલે 'વિશ્વ મેલેરિયા દિવસ' ઉજવવામાં આવે છે. ત્યારે આજે અમે તમને આ રોગના લક્ષણો, સારવાર અને તેના નિવારણની રીતો સહિતની માહિતી આપીશું. વિશ્વ મેલેરિયા દિવસ ઉજવવાનો મુખ્ય હેતુ લોકોને મેલેરિયા વિશે જાગૃત કરવાનો અને તેમના જીવનની સુરક્ષા કરવાનો છે. દર વર્ષે ૨૫ એપ્રિલ વિશ્વ મેલેરિયા દિવસની ઉજવણી કરવામાં આવે છે. ૨૦૦૮ના રોજ પ્રથમ વખત 'વિશ્વ મેલેરિયા દિવસ' મનાવવામાં આવ્યો હતો. આ દિવસની ઉજવણી કરવાનો હેતુ મેલેરિયા જેવા ખતરનાક રોગ પર લોકોનું ધ્યાન કેન્દ્રિત કરવાનોઅને તે પ્રત્યે જાગૃત્તા ફેલાવોનો છે. જે રોગથી દર વર્ષે લાખો લોકોના ભોગ લેવાય છે. વધુમાં જણાવી દઈએ કે, આફ્રિકામાં મેલેરિયાના કારણે દર વર્ષે મોટી સંખ્યામાં લોકોના ભોગ લેવાતા હતા ત્યાં મેલેરિયાથી બચવા માટે દર વર્ષે આફ્રિકા મેલેરિયા દિવસની ઉજવણી કરવામાં આવતી હતી.

જેને ધ્યાનમાં રાખીને વર્ષ ૨૦૦૭માં વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઇઝેશનએ વર્લ્ડ હેલ્થ એસેમ્બલીના ૬૦માં સત્રમાં વિશ્વ મેલેરિયા દિવસ તરીકે ઉજવવાનો પ્રસ્તાવ મૂક્યો હતો. ત્યાર પછી વર્ષ ૨૦૦૮થી દર વર્ષે ૨૫ એપ્રિલે ઉજવવાનું શરૂ કરાયું છે. મેલેરિયાના કારણે દર્દીને ઘણી વાર ઠંડી લાગે છે. તેમાં વધારે તાવ આવે છે. દર્દીને ખૂબ પરસેવો થાય છે. આ સિવાય માથાનો દુખાવો, ઉબકા આવવા, ઉલટી, પેટમાં દુખાવો, ઝાડા, એનિમિયા અને સ્નાયુમાં દુખાવો જેવી ફરિયાદો થઈ શકે છે. મલેરિયાના કેટલાંક દર્દીઓમાં આંચકી આવવી, કોમા અથવા મળમાં લોહી આવવાની સમસ્યા પણ જોવા મળે છે. ત્યારે જોભૂલથી પણ તમારા શરીરમાં આ લક્ષણો દેખાય તો તમારે તુરંત ડોક્ટરનો સંપર્ક કરવો જોઈએ. ગુજરાતમાં મલેરિયાના વર્ષ ૨૦૧૯માં ૧૩૮૮૯ કેસ નોંધાયા હતા જ્યારે ૨૦૨૦માં ૪૭૭૧ કેસ નોંધાયા તેમજ ૨૦૨૧માં ૪૯૨૧ કેસ નોંધાયા હતા. વર્ષ ૨૦૨૨માં ઓગસ્ટ મહિના સુધી ૧૦૦૧ કેસ નોંધાયા. પ્રાપ્ત વિગતો મુજબ વર્ષે ૨૦૨૨માં મલેરિયા માટે બ્લડ સેમ્પલ્સ લેવામાં આવ્યા હતા. મલેરિયાથી છેલ્લા પાંચ વર્ષમાં ચાર વ્યક્તિના મૃત્યુ થયા છે.

જોકે, ૨૦૨૧માં અને વર્ષે ૨૦૨૨ના ઓગસ્ટ મહિના સુધી મલેરિયાથી એકપણ મૃત્યુ થયું નથી. મેલેરિયાથી બચવા માટે પહેલાં મચ્છરોને ઘરની અંદર કે બહાર પ્રજનન કરતા અટકાવો. એ માટે તમારી આસપાસ સ્વચ્છતાનું ધ્યાન રાખો. સ્થિર પાણીમાં મચ્છરોને પેદા ન થવા દો. તે માટે વરસાદ શરૂ થાય તે પહેલાં ઘરની નજીકની ગટરોની સફાઈ કરાવી દો અને રસ્તાઓ પરના ખાડાઓને પૂરી દો. સમયાંતરે ઘરના ખૂણે-ખૂણે જંતુનાશકોનો છંટકાવ કરતા રહો. ઘરની અંદર કે આજુબાજુના કુલર, એસી, કુંડા અને ટાયર વગેરેમાં પાણી જમા ન થવા દેવું. પાણીની ટાંકીઓને પણ બરાબર ઢાંકી રાખો. માત્ર નિદાન અને સારવાર જ નહીં, આપણા વ્યક્તિગત અને સામુદાયિક વાતાવરણમાં સ્વચ્છતા અને મેલેરિયા સામેની આપણી સામૂહિક લડાઈમાં અને ૨૦૩૦ સુધીમાં દેશમાંથી મેલેરિયાને નાબૂદ કરવાના આપણા ધ્યેયને પૂર્ણ કરવા માટે મેલેરિયા નિયંત્રણ અને નિવારણ અંગેની સામાજિક જાગૃતિ એટલી જ મહત્વપૂર્ણ છે

વી.વી.પી. એન્જીનિયરીંગ કોલેજ દ્વારા ટેકનીકલ ઈવેન્ટનું આયોજન

ઈવેન્ટમાં રૂ.૧,૫૦,૦૦૦ના કેસ ઈનામો અપાશે

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)
રાજકોટ તા.૨૬

વી.વી.પી.માં આઈ.એસ.ટી.ઈ. સ્ટુડન્ટ ચેપ્ટર દ્વારા યોજાનાર ટેકફેસ્ટના આયોજન પ્રસંગે વી.વી.પી.ના મેનેજીંગ ટ્રસ્ટી આ. લલિતભાઈ મહેતાએ જણાવ્યું હતું કે, આઈ.એસ.ટી.ઈ. દ્વારા વી.વી.પી.માં આયોજિત થનાર સર્વપ્રથમ ડિગ્રી એન્જિનિયરિંગ હેકાથોન તેમજ ટેકફેસ્ટ તા. ૨૮ અને ૨૯ એપ્રિલના યોજાનાર છે.

આ વિશે વધુ વાતચીત કરતાં તેમણે જણાવ્યું હતું કે, તા. ૨૮ એપ્રિલે ''એકલવ્ય હેકાથોન થવા જઈ રહી છે જે આઈ.એસ.ટી.ઈ. દ્વારા આયોજીત પ્રથમ વાર્ષિક હેકાથોન હશે સાથે તા. ૨૯ એપ્રિલના રોજ વી.વી.પી.ના આઈ.એસ.ટી.ઈ. સ્ટુડન્ટ ચેપ્ટર દ્વારા છેલ્લા કેટલાંયે વર્ષો ખૂબ જ પ્રતિષ્ઠિત થયેલો શૌર્ય ટેકફેસ્ટ થવા જઈ રહ્યો છે. હેકાથોન માં અમારી પાસે ૯૩ એન્ટ્રીઓ આવી હતી જેમાંથી ૭૨ ને ક્વોલીફાઈ ગણીને આગળના રાઉન્ડમાં જવાની અનુમતિ અપાઈ છે. હેકાથોન માં તકનીકી અને સામાજીક પ્રશ્નોનું નિરાકરણ વિદ્યાર્થીઓ કરશે જેમાં પર્યાવરણ, ટ્રાફિક,પ્રદૂષણ, ઊર્જા વપરાશ અને બચત જેવા અનેક આયામો આવરી લેવામાં આવ્યા છે. આ ઈવેન્ટમાં રૂ. ૫૦,૦૦૦/- ના કેશ પ્રાઈઝ અપાશે. વી.વી.પી. ટેકફેસ્ટ વિશે વધુ વાતચીત કરતાં સંસ્થાના ટ્રસ્ટી કૌશિકભાઈ શુકલએ જણાવ્યું હતું કે, ગુજરાતભરની કોલેજોમાંથી બે હજારથી પણ વધુ એન્ટ્રીઓ આવી. આ અમારી તકનીકી શિક્ષણ ક્ષેત્રે સફળતાનો માપદંડ છે. આ વર્ષે વિવિધ ડિપાર્ટમેન્ટ દ્વારા જે થીમ પસંદ કરાઈ છે તેમાં મિકેનીકલ એન્જીનીયરીંગની પ્રભુત્વ, ઈલેકટ્રીકલ એન્જિનિયરિંગ માટે પ્રજવલ'', સિવિલ એન્જિનિયરિંગ માટે સર્જન'', કોમ્પ્યુટર એન્જીનીયરીંગની ''વેદાંત'', આઈ.ટી.ની લક્ષ્ય'', ઈ.સી.ની ''અન્વેષણા'', કેમિકલની સામર્થ્ય'' અને બાયોટેકનોલોજીની અવિન્ય છે. આ વિવિધ થીમ હેઠળ ક્યાંક રોબોટ રેસ લગાડશે તો ક્યાંક રોબોટ જે તે લાઈન પર જ ચાલવાનો પ્રયત્ન કરશે, ક્યાંક શાર્ક ટેંક દ્વારા ઉદ્યોગ જગતના શ્રેષ્ઠીઓ વિદ્યાર્થીઓના આઈડિયા માટે ફંડીંગ આપશે તો ક્યાંક ટાઉન પ્લાનીંગ પણ વિદ્યાર્થીઓ કરશે. સાથે સ્ક્રીન ઓફ હોય તો પણ વિદ્યાર્થીઓ કોડીંગ કરી બતાવશે અને એક વિદ્યાર્થીએ કરેલું પ્રોગ્રામીંગ બીજો વિદ્યાર્થી પુરું પણ કરશે. એક શબ્દ પર વિદ્યાર્થીઓ પાંચ મિનિટ રસાયણો વિશે બોલશે તો ક્યાંક આઈડિયા ને પીચ કરવામાં આવશે. આ ઈવેન્ટમાં ૧,૫૦,૦૦૦/- રૂા. ના કેશ ઈનામો અપાશે. આવી ૪૬ ઈવેન્ટ વી.વી.પી.ના આંગણે થવાની છે.

આ કાર્યક્રમો રાજકોટ અને ગુજરાતભરની જનતાને નિહાળવા માટે સવારે ૮ થી બપોરે ૪ સુધી ખુલ્લા રહેશે. તેમ જણાવ્યું છે.

અભયમ ટીમના કાઉન્સેલરે મહિલાઓને ૧૮૧ અભયમ હેલ્પલાઇનની માહિતી આપી

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)
રાજકોટ તા.૨૬

ગુજરાત સરકાર દ્વારા મહિલા અને બાળ વિકાસ વિભાગ દ્વારા મહિલાઓની સુરક્ષા અર્થે અમલી બનાવાયેલી વિવિધ યોજનાઓ અન્વયે ૧૮૧ અભયમ મહિલા હેલ્પલાઇન શરૂ કરવામાં આવેલ છે. રાજ્યમાં કોઈ પણ જગ્યાએ મહિલાઓ પર ઘરેલુ હિંસા આચરવામાં આવતી હોય અથવા એવો ભય હોય તો અસરગ્રસ્ત મહિલા હેલ્પલાઇન નંબર ૧૮૧ પર ફોન કરી તાત્કાલિક મદદ મેળવી શકે છે, જેમાં મહિલા સાથે થતી દરેક પ્રકારની હિંસા માટે સલાહ અને માર્ગદર્શન આપવામાં આવે છે.

રાજકોટ સ્થિત બી ડિવિઝન પોલીસ સ્ટેશનના પી.આઈ. રવિ બારોટ અને સૌરાષ્ટ્ર-કચ્છના ૧૮૧ મહિલા હેલ્પલાઇનનાં પ્રોજેક્ટ કો-ઓર્ડિનેટર તુષારભાઈ બાવરવાના માર્ગદર્શન હેઠળ ૧૮૧ અભયમ હેલ્પલાઇનમાં કાઉન્સેલર ચંદ્રિકાબેન મકવાણા અને કૃપાલીબેન ત્રિવેદી ફરજ બજાવે છે. આ બંને બહેનોએ રાજકોટના બી ડિવિઝન પોલીસ સ્ટેશન વિસ્તારની સોસાયટીઓ, મંદિરો, બગીચાઓ તેમજ મહિ-લાલક્ષી સંસ્થાઓ સહિતના સ્થળોએ જઈને મહિલાઓ પર થતી ઘરેલું હિંસા સામે વિરોધ કરવા અંગે તેમજ ૧૮૧ અભયમ ટીમ કેવી રીતે ઘરેલુ હિંસાનો ભોગ બનતી મહિલાઓને મદદરૂપ થશે તે અંગે વિસ્તૃત માહિતી આપી હતી.

૧૮૧ અભયમ મહિલા હેલ્પલાઇન ૨૪ કલાક અવિરત કાર્યરત છે. જેમાં મહિલાઓના જીવનમાં મુંઝવતા પ્રશ્નોનું કાઉન્સેલિંગના માધ્યમથી નિરાકરણ લાવવામાં આવે છે.

આ ઉપરાંત રાજ્ય સરકાર દ્વારા અમલી બનાવાયેલી વિધવા પેન્શન, વ્હાલી દિકરી યોજના, ૧૦૮ એમ્બ્યુલન્સ, પશુ હેલ્પલાઇન, ખિલખિલાટ એમ્બ્યુલન્સ, ધન્વંતરી રથ સહિતની યોજનાઓ અંગેના લાભો વિશે ઉપસ્થિત મહિલાઓને જાગૃત કરાઇ હતી.

કોટડા સાંગાણી ખાતે યોજાયો 'તાલુકા સ્વાગત કાર્યક્રમ'

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)
રાજકોટ તા.૨૬

રાજકોટ જિલ્લાના કોટડા સાંગાણી ખાતે પોલીસ અધિક્ષક જયપાલસિંહ રાઠોડના અધ્યક્ષ સ્થાને તાલુકા સ્વાગત કાર્યક્રમ યોજાયો હતો, જેમાં ગ્રામ્ય કક્ષાએ ૭૭ અને તાલુકા કક્ષાએ ૨૧ સહિત કુલ ૯૮ પ્રશ્નો રજૂ થયા હતા. પોલીસ અધિક્ષક જયપાલસિંહ રાઠોડએ અરજદારોને શાંતિપૂર્વક સાંભળી તેમના પ્રશ્નોનું સત્વરે નિવારણ લાવવા ગ્રામ સેવક, તલાટી કમ મંત્રી અને સંબંધિત અધિકારીઓને આદેશ કર્યા હતા.

નાની ઉંમરે વિધવા થયેલ કિરણબેન ચોરાને સરકારની ગંગા સ્વરૂપા યોજના અંતર્ગત સહાય હુકમ મળતાં મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ તથા સરકારનો આભાર માનતા જણાવ્યું હતું કે, મારા પતિનું અવસાન થતાં મારા નાના નાના બે બાળકોની જવાબદારી મારા ઉપર આવી ગઈ છે. સરકાર દ્વારા માત્ર એક મહિનાની અંદર જ સહાય હુકમ મળી જતા પરિવારનું ગુજરાન ચલાવવામાં આર્થિક ટેકો મળી રહેશે. સરકારનો આભાર માનીએ એટલો ઓછો પડે. કોટડાસાંગાણીના વૃદ્ધા વિજયાબેન વાળાને માત્ર અઠવાડિયામાં જ વૃદ્ધા પેન્શન સહાય યોજના હેઠળ હુકમ મળી જતા સરકારનો આભાર માન્યો હતો. આવી યોજનાથી દીકરાઓ પાસે હાથ લંબાવવો પડતો નથી.

આવા અનેક કિસ્સાઓમાં શહેરીજનોની રજૂઆતોનું ઝડપી અને સંતોષકારક નિરાકરણ ટેક્નોલોજી, સંવેદનશીલતા અને માનવીય અભિગમનો અદભૂત સમન્વય એવા ''સ્વાગત'' કાર્યક્રમ થકી આવ્યું છે.

આ કાર્યક્રમમાં પ્રાંત અધિકારી સંદીપકુમાર વર્મા, મામલતદાર ગુમાનસિંહ જોડેજા, તાલુકા વિકાસ અધિકારી વલ્લભકુમાર થોરિયા સહિતના સિંચાઈ, પુરવઠા જેવા સંબધિત વિભાગના અધિકારીઓ, નાગરિકો ઉપસ્થિત રહ્યા હતા.

ભારતના સાંસ્કૃતિક વૈવિધ્યનો ઉત્સવ છે 'સૌરાષ્ટ્ર-તમિલ સંગમ'

સૌરાષ્ટ્રીયન તમિલ બંધુઓ માટે ઐતિહાસિક તેમજ પૌરાણિક મહત્વ ધરાવતા ભગવાન સોમનાથ મહાદેવ અને દ્વારકાધીશ ભગવાન શ્રીકૃષ્ણના દર્શન, અતિ આધુનિક ટેક્નોલોજીથી બનાવવામાં આવેલ વિશ્વની સૌથી ઉંચી પ્રતિમા સ્ટેચ્યુ ઑફ યુનિટીની યાત્રા અને સાસણગીર જેવા પ્રસિદ્ધ અભયારણ્યમાં એશિયાટિક સિંહોને જોવાની વ્યવસ્થા કરીને, તેમની આ ગુજરાત યાત્રાને હંમેશ માટે યાદગાર બનાવવાનો પ્રયાસ

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય) રાજકોટ

આપણો દેશ વૈવિધ્યસભર, બહુભાષીય અને બહુવિધ સાંસ્કૃતિક રાષ્ટ્ર હોવા છતાં પણ સંયુક્ત પરંપરાઓ, મિશ્ર સંસ્કૃતિઓ તેમજ સમાન નૈતિક મૂલ્યોના પ્રાચીન બંધનોથી સુસજ્જ છે.

ભારતના સાંસ્કૃતિક મૂલ્યોમાં અસીમ આસ્થા ધરાવતા અને જનતા પ્રત્યે હંમેશાં પ્રતિબદ્ધ અને કર્તવ્યનિષ્ઠ એવા આપણા માનનીય વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીજીએ ભારતીય સમાજની આ જ વિશેષતાને વધુ ગાઢ બનાવવા માટે 'એક ભારત-શ્રેષ્ઠ ભારત' ના મંત્ર સાથે દેશના દરેક રાજ્યના સાંસ્કૃતિક વારસાને સન્માન આપવાનું ભગીરથ કાર્ય કરવાનો દ્રઢ નિર્ધાર કર્યો છે. વડાપ્રધાનશ્રીના આ વિચારને નક્કર સ્વરૂપ આપતા ગુજરાત સરકારે તાજેતરમાં ભગવાન સોમનાથ મહાદેવના પવિત્ર સાનિધ્યમાં ઐતિહાસિક સૌરાષ્ટ્ર-તમિલ સંગમ કાર્યક્રમનું ભવ્ય આયોજન કર્યું છે.

આ કાર્યક્રમ દક્ષિણ ભારત અને પશ્ચિમ ભારતની સંસ્કૃતિઓનો સંગમ છે. લગભગ બારસો વર્ષના લાંબા સમયગાળા પછી આટલી ભવ્યતા સાથે આ પ્રકારનો કાર્યક્રમ આયોજિત કરવામાં આવ્યો છે. એવું પહેલીવાર થઈ રહ્યું છે કે સદીઓ પહેલા તમિલનાડુ જઈને સ્થાયી થયેલા મૂળ સૌરાષ્ટ્રના લોકો આ કાર્યક્રમના ઉપક્રમે પોતાના પૈતૃક વતનની યાત્રા કરી રહ્યા છે.

એ જ રીતે, બંને રાજ્યોના પૌરાણિક મહત્વની વાત કરીએ તો ગુજરાતના દરિયાકિનારે ભગવાન સોમેશ્વર શિવનો વાસ છે, તો તમિલનાડુના સમુદ્રતટ પર ભગવાન શ્રીરામ દ્વારા સ્થાપિત ઐતિહાસિક રામેશ્વરમ્ મંદિર સ્થિત છે. આ ઉપરાંત, પ્રાચીનતાની દ્રષ્ટિએ પણ બંને રાજ્યો ખૂબ મહત્વપૂર્ણ સ્થાન ધરાવે છે. એક બાજુ જ્યાં ગુજરાત, હડપ્પીય સંસ્કૃતિ જેવી પ્રાચીન વિકસિત સંસ્કૃતિનું કેન્દ્ર રહ્યું છે, તો બીજી બાજુ તમિલનાડુ તેમજ તમિલ સંસ્કૃતિ ભારતની પ્રાચીનતા અને ગૌરવનું કેન્દ્ર છે.

ઇતિહાસના પરિપ્રેક્ષ્યમાં જોઇએ તો એક ભારત-શ્રેષ્ઠ ભારતના વિચારને સમર્પિત આ કાર્યક્રમનું ઐતિહાસિક મહત્વ પણ છે. આજથી લગભગ હજારો વર્ષો પહેલા જ્યારે ભારતના અન્ય રાજ્યો ઉપરાંત જ્યારે ગુજરાતમાં પણ સતત વિદેશી આક્રમણ થઇ રહ્યા હતા, ત્યારે સૌરાષ્ટ્રના કેટલાક રહેવાસીઓએ તમિલનાડુમાં શરણું શોધ્યું, અને ત્યાં જઈને વસ્યાં.

આપણા સૌરાષ્ટ્રના આ જ પૂર્વજોએ ગુજરાતની હસ્તશિલ્પ અને અન્ય કળાઓને તમિલનાડુમાં પણ આગળ વધારી, જેને ત્યાંના લોકોએ સ્વીકારી અને તેને લોકપ્રિયતા પણ પ્રાપ્ત થઇ. તે સમયના શાસક શ્રી થિરૂમલાઈ નાયક્કર અને તેમની રાજકુમારીએ આપણા આ ગુજરાતી કારીગરો દ્વારા બનાવવામાં આવેલા સિલ્કના વસ્ત્રોની પ્રશંસા કરતા એકવાર કહ્યું હતું કે સૌરાષ્ટ્રના કારીગરો જો અહીંયા ન આવ્યા હોત, તો આપણને ચીની અને યુરોપીય સિલ્કથી પણ શ્રેષ્ઠ એવું આ સિલ્ક પહેરવા મળ્યું ન હોત. સૌરાષ્ટ્ર મૂળના તમિલ રહેવાસીઓને મળેલું આ સન્માન ભારતની સાંસ્કૃતિક, સામાજિક અને કલાત્મક સમરસતાનું શ્રેષ્ઠ ઉદાહરણ છે. અહીં એ વાત ખાસ ઉલ્લેખનીય છે કે આપણા વડાપ્રધાનશ્રી જ્યારે ગુજરાતના મુખ્યમંત્રી હતા ત્યારે તેમણે વર્ષ ૨૦૦૫ અને ૨૦૦૬માં આ સમુદાયની સાથે પુનઃસંપર્ક સ્થાપિત કરવા માટે અનેક પ્રયાસો શરૂ કર્યા હતા. તેમના આ પ્રયાસો ત્યારે ફળિભૂત થયા જ્યારે વર્ષ ૨૦૧૦માં શ્રી નરેન્દ્રભાઈની ઉપસ્થિતિમાં તમિલનાડુના મદુરાઇમાં વિરાટ સૌરાષ્ટ્ર સંગમનું આયોજન કરવામાં આવ્યું, જેમાં લગભગ ૫૦ હજાર લોકો ઉપસ્થિત રહ્યા હતા. આ શ્રી નરેન્દ્રભાઈના ભગીરથ પ્રયાસોનું જ પરિણામ છે કે આજે ગુજરાત અને તમિલનાડુના સૌરાષ્ટ્રવાસીઓ વચ્ચે આદાન-પ્રદાનના વિવિધ કાર્યક્રમો ચાલી રહ્યા છે.

સંસારમાં સ્થાનાંતરણ એ એક સ્વાભાવિક પ્રક્રિયા છે. પરંતુ, સૌરાષ્ટ્રવાસીઓનું આ સ્થળાંતર એક વિશિષ્ટ અને ઐતિહાસિક ઘટના છે. હું સૌરાષ્ટ્ર મૂળના તમિલ સમુદાયની પ્રશંસા કરવા માંગું છું કે વિદેશી આક્રમણકારોના દમનના કારણે તેઓ વિસ્થાપિત તો થયા, પરંતુ તેમણે પોતાના હૃદયમાં સૌરાષ્ટ્રની પરંપરા અને સંસ્કૃતિને જીવંત રાખી.

સૌરાષ્ટ્ર-તમિલ સંગમ કાર્યક્રમને કારણે આ સમુદાયને હજારો વર્ષો પછી પોતાની માતૃભૂમિ પર પાછા ફરવાનો અવસર પ્રાપ્ત થયો છે. આપણે સહુ ગુજરાતીઓ આપણા સૌરાષ્ટ્રીયન-તમિલ ભાઈઓનું સ્વાગત અને સરભરા કરવા માટે ઉત્સુક છીએ, તો સામે સૌરાષ્ટ્ર મૂળના આપણા તમિલ બંધુઓ પણ આટલા વર્ષો પછી પોતાના પૂર્વજોની ધરતી પર આવીને ઘણા ભાવુક બન્યા છે અને ધન્યતા અનુભવી રહ્યા છે.

અમારી સરકાર તરફથી આ કાર્યક્રમ હેઠળ અનેકવિધ સાંસ્કૃતિક પ્રસ્તુતિઓ તેમજ રમત-ગમતની સ્પર્ધાઓ આયોજિત કરવામાં આવી રહી છે. આ સાથે જ સૌરાષ્ટ્રીયન તમિલ બંધુઓ માટે ઐતિહાસિક તેમજ પૌરાણિક મહત્વ ધરાવતા ભગવાન સોમનાથ મહાદેવ અને દ્વારકાધીશ ભગવાન શ્રીકૃષ્ણના દર્શન, અતિ આધુનિક ટેક્નોલોજીથી બનાવવામાં આવેલ વિશ્વની સૌથી ઉંચી પ્રતિમા સ્ટેચ્યુ ઑફ યુનિટીની યાત્રા અને સાસણગીર જેવા પ્રસિદ્ધ અભયારણ્યમાં એશિયાટિક સિંહોને જોવાની વ્યવસ્થા કરીને, તેમની આ ગુજરાત યાત્રાને હંમેશ માટે યાદગાર બનાવવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે.

વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીએ 'એક ભારત, શ્રેષ્ઠ ભારત' ના સંદર્ભમાં એક વાર કહ્યું હતું કે, સરદાર પટેલે આપણને 'એક ભારત' આપ્યું છે અને હવે સહુ ભારતવાસીઓનું એ કર્તવ્ય છે કે આપણે આપણા સામૂહિક પ્રયાસોથી તેને 'શ્રેષ્ઠ ભારત' બનાવીએ. સૌરાષ્ટ્ર-તમિલ સંગમ કાર્યક્રમની સાથે-સાથે ગુજરાતનો માધવપુર મેળો પણ શ્રી નરેન્દ્રભાઈના આ જ વિચારો પર આધારિત છે. પૌરાણિક કથા પર આધારિત માધવપુર મેળો દ્વારિકાના રાજા ભગવાન શ્રીકૃષ્ણ અને અરૂણાચલ પ્રદેશની રાજકુમારી રૂકમણિજીના વિવાહની ઉજવણી છે. આ પણ પશ્ચિમી ભારત અને પૂર્વીય ભારતની બે સંસ્કૃતિઓના સંગમનો કાર્યક્રમ છે. એ આપણા માટે ગૌરવની વાત છે કે છેલ્લા બે વર્ષોમાં આપણે આ કાર્યક્રમના પણ બે સફળ આયોજનો કર્યા છે.

આપણે ભવિષ્યમાં આવા જ અલગ-અલગ પ્રયાસોથી સાંસ્કૃતિક આદાન-પ્રદાનના ચલનની પ્રવૃત્તિને આગળ વધારવાની છે. આપણે આપણી નવી પેઢી માટે એવા સમાજના નિર્માણની દિશામાં કામ કરવાનું છે, જ્યાં આપણે સહુ એકબીજાની ભાષા, સંસ્કૃતિ અને પરંપરા બાબતે વધુ સહજ હોઇશું, અને તેના માટે વધુ સમરસતા અને સ્વીકાર્યતા ધરાવીશું.

આધુનિક ભારતના સૂત્રધાર સરદાર પટેલ દ્વારા આપણને મળેલું ભૌગોલિક રીતે એક ભારત ત્યારે જ સાંસ્કૃતિક રીતે શ્રેષ્ઠ બનશે જ્યારે ભારતની તમામ સંસ્કૃતિઓ અને પરંપરાઓનું સન્માન અને સંવર્ધન દરેક નાગરિકના નૈતિક મૂલ્યો અને ફરજોનું અભિન્ન અંગ બની જશે. 'શ્રેષ્ઠ ભારત' માટે ખૂબ જ જરૂરી છે, કે આપણે કેવળ અર્થ ખાતર શિરોમણિ બનવા માટે કામ ન કરીએ પરંતુ માનવધર્મ, સામાજિક સમરસતા, સાંસ્કૃતિક બહુમતીની સાથે આદર્શ નૈતિક મૂલ્યો અપનાવવામાં પણ વિશ્વમાં શિરમોર બનીએ. મને વિશ્વાસ છે કે સાંસ્કૃતિક વૈવિધ્યના ઉત્સવ સમા 'સૌરાષ્ટ્ર-તમિલ સંગમ' જેવા કાર્યક્રમોના આયોજનો અને કેન્દ્રમાં શ્રી નરેન્દ્રભાઈની સરકાર અને દેશની રાજ્ય સરકારોના નિરંતર પ્રામાણિક પ્રયાસો ચોક્કસપણે 'એક ભારત' થી 'શ્રેષ્ઠ ભારત' નો માર્ગ પ્રશસ્ત કરશે.

દક્ષિણ ભારતમાં વસે છે એક બીજું સૌરાષ્ટ્ર

ગુજરાતીઓ-સૌરાષ્ટ્રવાસીઓ દેશ-દુનિયામાં ફેલાયા છે. વર્ષોથી વેપાર અર્થે એમણે સાગર ખેડ્યો અને પહાડ ભેદ્યા છે. પરંતુ એક સમુહ-એક વર્ગ એવો છે જે એક હજાર વર્ષ પહેલાં પોતાનાં કૂળ-મૂળ બચાવવા માટે વતન છોડીને હજારો માઈલ છેટે જઈને વસ્યો. પણ પોતાની ઓળખ એમણે ગુમાવી નહીં. ચેન્નઈ, મદુરાઈ કે બેંગ્લોરમાં એવા લોકો વસે છે જેઓ સૌરાષ્ટ્રીયન બ્રાહ્મણ તરીકે ઓળખાય છે. હવે તેઓ પોતાના મૂળ તરફ પરત આવી રહ્યા છે.

...પછી તો મહંમદ ગઝનીના સૈનિકોના શરીરમાં જાણે અસૂર પ્રવેશ થયો. બહેનો અને બાળકોને પણ મૂક્યાં નહીં. લોહી તરસી એમની તલવારો પ્રભાસ પાટણના નિર્દોષ, નિઃશસ્ત્ર રહેવાસીઓના ગળાં પર ઘાતક રીતે ફરવા લાગી. સંપત્તિ લૂંટવા આવેલા એ દળકટક સંસ્કૃતિને પણ ધ્વસ્ત કરવા બેતાબ હતા અને અહીંના લોકોની સંતતિને પણ રોળી રહ્યા હતા. સોમનાથ પર આક્રમણ કરવાની સાથે જ એમણે નરસંહાર આદર્યો અને આપણે ત્યાંથી હજારો લોકો,સેંકડો પરિવાર અહીં જે હતું તે અહીં જ છોડીને નાસવા લાગ્યા.ગઝની અને એ પછીના આક્રમણો વખતે પ્રભાસક્ષેત્ર કે પ્રભાસ પાટણ-સોમનાથથી આવી રીતે હજારો લોકો સ્થળાંતર કરીને જતા રહ્યા હતા. લગભગ એક હજાર વર્ષ સુધી વતનની સાથે, પોતાની ધરતી સાથે એમનો કોઈ જીવંત સંપર્ક નહીં. કોણ જાણે ક્યાં જતા રહ્યા એ લોકો સૌરાષ્ટ્ર-સોરાષ્ટ્ર શબ્દ વારંવાર આવે પરંતુ જો એની ભાષા દક્ષિણ ભારતની હોય તો નવાઈ લાગે ને ! બોલીનો લહેકો થોડો સૌરાષ્ટ્રનો, સંસ્થાઓના નામની આગળ પણ સૌરાષ્ટ્ર અને વાતનું માધ્યમ દક્ષિણની ભાષા. ક્યાં એ સાઉથનું સ્ટેટ અને ક્યાં આ સૌરાષ્ટ્ર ? પરંતુ આવી દલીલમાં આગળ વધવા જેવું નથી કારણ કે, ખોટા આપણે જ પડીએ. સાચી વાત એ છે કે, સૌરાષ્ટ્રથી સેંકડો માઈલ દૂર, એક અલગ જ પ્રદેશમાં બીજું એક સૌરાષ્ટ્ર જીવી રહ્યું છે. શાસ્ત્રો, પુરાણો કે ગ્રંથોમાં જેને સૂર્યરાષ્ટ્ર, સૂરરાષ્ટ્ર, સુરાષ્ટ્ર કે સોરઠ કહેવાયું છે એ સૌરાષ્ટ્ર તામિલનાડુમાં ધબકે છે. થોડા દાયકા કે એકાદી સદી પહેલાં વેપાર અર્થે અહીંથી મદ્રાસ પહોંચીને વસી જનારા લોકોની આ વાત નથી. આ કહાની જુદી છે. આ એ સમુદાય છે જેમના મૂળિયાં સૌરાષ્ટ્રમાં-સોમનાથ, પ્રભાસ પાટણમાં છે. સદીઓથી તેઓ વસે છે દક્ષિણ ભારતમાં પરંતુ સૌરાષ્ટ્ર એમના હૈયે વસે છે. સૌરાષ્ટ્રમાંથી વિવિધ ધર્મની પ્રજાએ સ્થળાંતર કર્યાના તો અન્ય દાખલા હશે પરંતુ આટલા મોટા પાયે સામુહિક રીતે સ્થળાંતર કરનારો આ એક જ સમુદાય છે. આ લોકોની ઓળખ સૌરાષ્ટ્રીયન બ્રાહ્મણની છે અને મુખ્ય વ્યવસાય છે વણાટકામ-વીવીંગનો. એમનું એક નામ છે પટલુનકાર. ઈસવીસન ૧૦૨૪માં મહંમદ ગઝનીએ સોમનાથ પર આક્રમણ કર્યું. જીવ બચાવવા આ સમુદાય નાસ્યો. કેટલાક સોમનાથથી દરિયાઈ માર્ગે સ્તંભતિર્થ એટલે કે કેમ્બે અને ભૃગુતિર્થ એટલે કે ભરુચ સુધી ગયા. તો કેટલાકે તો પગપાળા જ પ્રભાસ પાટણની એ પુરાણ પ્રસિદ્ધ, પાવન ધરતી છોડી દીધી હતી.

લાલ મરચાથી ઉભરાતી રાજકોટની મરચા પીઠ

૪૦ વર્ષથી દર સિઝનમાં દળાય છે ૧૫ હજાર કિલોથી પણ વધુ મરચું

રાજકોટ માર્કેટ યાર્ડમાં દરરોજ ૧૮૦૦ કિલો મરચાની આવક

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ તા.૨૬

રોજિંદા ખોરાકની બનાવટમાં વપરાતા મસાલાઓ તૈયાર પેકમાં લેવાનું ચલણ આધુનિક સમયમાં પ્રચલિત થતું જાય છે. તેમ છતાં હજુ પણ ઘણી ગૃહિણીઓ પોતાની નજર સામે લાલ મરચા ખરીદે છે. તેના ડીંટીયા તોડાવી જાતે જ લાલ મરચું દળાવે છે અને દળાયેલા મરચાને તેલ દઇને આખા વર્ષ માટેનું લાલ મરચાનો સંગ્રહ કરે છે. તીખું અને ચટાકેદાર ખાવાના શોખીન ગુજરાતીઓ થકી મરચાનો મસમોટો કારોબાર ધમધમે છે. મસાલાની આ સીઝનમાં રાજકોટની મરચા પીઠો લાલ મરચાથી ઉભરાઇ ગઇ છે.

રાજકોટમાં અનેક સ્થળોએ મસાલા માર્કેટ ભરાતી હોય છે. પણ અહીં વાત કરીશું. રાજકોટની સૌથી જૂની મરચાપીઠની. જે 'જૂની મરચાપીઠ' તરીકે જ ઓળખાય છે. આજીનદીના આવેલ દરબારગઢની પાછળની બાજુ નદી કિનારે આવેલ રાજકોટની સો વર્ષથી પણ 'જૂની મરચાપીઠ' આજે પણ કાર્યરત છે.

આ સ્થળે પંદર જેટલા વેપારીઓ બે થી ત્રણ મહિના માટે મરચાનો કારોબાર ચલાવે છે. મહત્વની વાત એ છે કે આ તમામ વેપારીઓ પાંચ-પાંચ પેઢીઓથી આ વ્યવસાય કરી રહ્યા છે. સરકારી જગ્યા ઉપર મંડપ બાંધી કાયદેસર રીતે મહાનગર પાલિકાને આ જગ્યાનું ભાડુ ચૂકવી તેઓ આ વ્યવસાય કરે છે.

અહીંના વેપારી વિક્રમભાઇ સોલંકી કહે છે કે અમે છેલ્લા ૮૦ વર્ષથી અહીં દર ઉનાળામાં મરચાની સીઝનમાં બે થી ત્રણ માસ વેપાર કરીએ છીએ. અમારા પૂર્વજો અને બાપ દાદા અહીં મરચા વેચતાં. તેમનો જ કારોબાર અમે ચાલુ રાખ્યો છે.

વિક્રમભાઇ સોલંકી વધુમાં કહે છે કે, અનેક પ્રકારના મરચાં અમે રાખીએ છીએ. જેમાં ડબલ અને સીંગલ રેશમપટ્ટો, તેજા મરચી, ઘોલર વગેરે પ્રકારના મરચા પૈકી સૌથી વધુ ઉપાડ ડબલ રેશમપટ્ટોનો થાય છે. કલર માટે રેશમપટ્ટો અને કાશ્મીરી તથા તીખાશ માટે તેજા મરચી લોકો વધુ પસંદ કરે છે.

અહીં નદીના નીચાણવાળા વિસ્તારમાં મરચા દળવાનું કામ થાય છે. મરચાની ઘંટી ધરાવનાર મનોજભાઇ સોલંકી કહે છે કે અમે ૧૯૮૯થી અહી દર વર્ષે બે થી ત્રણ માસ મરચુ દળવાનું કામ કરીએ છીએ. જે દરમિયાન અમે ૧૫ હજાર કિલોથી પણ વધુ મરચુ દળીએ છીએ.

આ મરચા પીઠમાં ચાર - ચાર પેઢીથી મરચાના ડીંટીયા તોડીને છુટક રોજગારી મેળવનારા ગંગા સ્વરૂપા સુશિલાબેન રામાનુજ કહે છે કે પેટિયુ રળવા અમે અહીં કામે આવીએ છીએ. મારા સાસુ અહીં કામે આવતા હતા. ત્યારબાદ હું પણ આ કામ કરવા લાગી, હવે મારી ત્રણેય દીકરીઓ પણ અહીં કામે આવે છે. દીકરીની દીકરીઓ પણ આવે છે.

મરચાની આવક વિશે રાજકોટ માર્કેટીંગ યાર્ડના પ્રમુખ જયેશભાઇ બોઘરા કહે છે કે, આપણા માર્કેટીંગ યાર્ડમાં દરરોજ ૧૮૦૦ કિલો જેટલા લાલ સુકા મરચા ખેડૂતો દ્વારા વેચાણ માટે લાવવામાં આવે છે. યાર્ડમાં સરેરાશ ૩૦૦ ભારી આવે, જે પૈકીની એક ભારીમાં સરેરાશ ત્રણ મણ એટલે કે ૬૦ કિલો મરચા હોય. આ તમામ મરચાઓની ખરીદી ખેડૂતો પાસેથી વેપરીઓ સીધી જ કરે છે. યાર્ડમાં માત્ર રાજકોટ જિલ્લાના કે ગોંડલ તાલુકાના જ નહીં પરંતુ સમગ્ર સૌરાષ્ટ્રના મરચાનો પાક લેતા ખેડૂતો મરચા વેચવા આવે છે.

(આલેખનઃ પાર્થ આડેસરા)

રેલ્વે સ્ટેશન ખાતે વોર્ડ-૧૮ ના કાર્યકર્તાઓ તથા વિવિધ સેલના કાર્યકર્તાઓ દ્વારા તામિલવાસીઓનું ભવ્ય સ્વાગત કરાયું

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૨૬

પ્રદેશ ભાજપની યોજનાનુસાર દેશના યશસ્વી પ્રધાનમંત્રી નરેન્દ્રભાઇ મોદીની એક ભારત, શ્રેષ્ઠ ભારતની સંકલ્પનાને સાકાર કરવા તમિલ-સૌરાષ્ટ્ર સંગમ કાર્યક્રમ હેઠળ તા.૧૭ એપ્રિલથી તા.૩૦ એપ્રિલ, ૨૦૨૩ સુધી ૧૦ ટ્રેન દ્વારા તામિલનાડુથી મળ ગુજરાતીઓને ગુજરાત દર્શન માટે લાવવાનું આયોજન કરવામાં આવેલ. જેમાં ગીર સોમનાથ ખાતે વિવિધ ભકિતસભર સાંસ્કૃતિક કાર્યક્રમોની રમઝટ બોલાશે. ત્યારે તામિલથી ગીર સોમનાથ સુધીની આ યાત્રા દરમ્યાન રાજકોટ મહાનગર ખાતે શહેર ભાજપ પ્રમુખ કમલેશ મિરાણીના માર્ગદર્શન હેઠળ શહેર ભાજપ દ્વારા તમિલમાં સ્થાયી થયેલ મૂળ સૌરાષ્ટ્રવાસીઓનું રાજકોટ જંકશન રેલ્વે સ્ટેશન ખાતે તા.૨૫ એપ્રિલ સુધી દરરોજ રાત્રીના ૧૧ કલાકે શહેર ભાજપના તમામ વોર્ડ અને વિવિધ મોરચા સેલ દ્વારા ભવ્ય સ્વાગત કરવામાં આવેલ.

તે અંતર્ગત વોર્ડ-૧૮ ના કાર્યકર્તાઓ, લઘુમતી મોરચાના કાર્યકર્તાઓ તેમજ શહેર ભાજપના વિવિધ સેલના કાર્યકર્તાઓ દ્વારા જંકશન રેલ્વે સ્ટેશન ખાતે તમિલવાસીઓનું ભવ્ય સ્વાગત કરવામાં આવેલ હતું. જેમાં જંકશન રેલ્વે સ્ટેશન ખાતે કમલેશભાઈ જોશીપુરા,ધારાસભ્ય ડો.દર્શિતાબેન શાહ, શહેર ભાજપ મહામંત્રી કીશોર રાઠોડ, નરેન્દ્રસિંહ ઠાકુર, ભાવનાબેન જોશીપુરા, મહેશ રાકોડ, જીજ્ઞેશ જોષી, હરેશ જોષી, શૈલેષ બુસા, ભારતીબેન પરસણા, દીનેશ કારીયા, હેમભાઈ પરમાર, હારૂનભાઈ શાહમદાર, યાકુબભાઈ પઠાણ, કોશીક અઢીયા, વાહીદ સમા, સંજયસિંહ રાણા, દક્ષાબેન વાઘેલા, હીતેશ ઢોલરીયા, તેમજ ભાષાભાષી સેલના કાર્યકર્તાઓ અને વોર્ડ-૧૮ અને લઘુમતી મોરચાની તમામ શ્રેણીના કાર્યકર્તાઓ સહિતના સાથે બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમને સફળ બનાવવા હરેશભાઈ જોષી અને જીજ્ઞેશ જોષી, તેમજ હેમભાઈ પરમારની આગેવાનીમાં વોર્ડની ટીમએ જહેમત ઉઠાવી હતી. આ તકે વોર્ડના કાર્યકર્તાઓ બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહયા હતા અને ઢોલ-રાસની રમઝટ બોલાવી તામિલવાસીઓને આવકાર્યા હતા. તેમ જણાવ્યું છે.

ચાંદીકામમાં ભાગીદારી આપવાનું કહી ગામનો શખ્સ ચાંદી-રોકડ સહિત રૂા.૯.૫૦ લાખ ઓળવી ગયા

૧૨.૫૦૭ કિ.ગ્રામ ચાંદી અને બે લાખ રોકડ આપ્યા હતા જે પરત માંગતા અલગ અલગ સમયની પ્રોમિસરી નોટ લખી આપી હતી છતાં પરત ન કરતાં ફરિયાદ નોંધાઇ

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૨૬

રાજકોટના મોરબી રોડ પર રહેતા મૂળ રફાળા ગામના વેપારીએ તેનાજ ગામના અને ચાંદીકામ કરતાં શખ્સને બે કટકે ૧૨.૫૦૭ કિ.ગ્રા. ચાંદી અને બે લાખની રોકડ આપી હતી. જે પરત માગવાં છતાં પણ પરત નહીં કરતાં અંતે પોલીસમાં ફરિયાદ નોંધવામાં આવી છે. જાણવા મળ્યા મુજબ મૂળ રફાળા અને હાલ રાજકોટ મોરબી રોડ પર તિરૂપતિ પાર્ક-૨ રહેતા વિપુલભાઈ ધીરુભાઈ સોજિત્રા થોડા સમયથી ચાંદી કામના ધંધાની રાહમાં બેઠા હતા તે સમયે તા. ૨૧/૦૨/૨૦૨૦ ના રોજ તેના જ ગામનાં અને હાલ રાજકોટ પેડક રોડ પર રહેતા અશોક ચનાભાઈ કિયાડા નો સંપર્ક થયો હતો. સેટેલાઇટ ચોક ખાતે બનેનો ભેટો થયા બાદ લાંબો સમય ચર્ચા માટે સાથે રહ્યા હતાં. તે સમયે અશોકે વિપુલભાઈને કહ્યું હતું કે તારી પાસે કેટલી ચાંદી પડી છે? તે તારે અત્યારે કામમાંના લેવી હોય તો મને આપ આથી વિપુલભાઈ એ તેમની પાસે હાલ ૬.૫૮૪ કિ.ગ્રા. ચાંદી પડી હોવાનું જણાવી તે અશોક ભાઈને વાપરવા માટે આપી હતી. છ માસ બાદ અશોકભાઈનો ભેટો થતાં તેમની પાસે ચાંદી પરત માંગતા તેઓ ગોળ ગોળ વાતો કરવા લાગેલા બાદમાં અશોકભાઈ એ ભાગીદારીમાં ધંધો કરવાની ઓફર જણાવી ફરી વિશ્વાસમાં લઈ હજુ ચાંદી તથા બે લાખની રોકડ આપવા જણાવ્યું હતું. જે પેટે ધંધામાં જે નફો થાય તેમ ૨૫% આપવાની વાત કરતાં વિપુલભાઈ ફરી ભોળવાઈ ગયા હતા અને ૨૯/૦૮/૨૦૨૦ના રોજ અશોકભાઈના મકાને તેના ભાઈ પ્રદીપભાઈ સોજિત્રા અને પત્નીની હાજરીમાં ૫.૯૨૩ કિ.ગ્રા.ચાંદી અને બે લાખની રોકડ રકમ આપેલ હતી. બાદમાં થોડો સમય પછી વિપુલભાઈએ પૂછતાં અશોકભાઈએ હાલ ભઠ્ઠી બંધ છે જે ચાલુ થાય ત્યારથી ધંધામાં જોડાય જવા જણાવ્યું હતું. પરંતુ સમય વિત્યા બાદ પણ ભઠ્ઠી ચાલુ થયેલ ન હતી બજારમાંથી એવું જાણવા મળ્યું હતું કે, અશોકભાઈ એ અનેક લોકો પાસેથી ચાંદી અને રોકડ ઉપાડેલ છે. જે ચાંઉ કરી ગયેલ હોય તેઓ પણ તેને શોધી રહ્યા છે તેજાની ફરી અશોકભાઈનો સંપર્ક કરી ચાંદી અને નાણાં પરત માગ્યા હતા. પરંતુ અશોકભાઈએ ફરી વિશ્વાસ અપાવી અલગ અલગ સમયની પ્રોમિસરી નોટ લખી આપી હતી જે સમય વિત્યા બાદ પણ ચાંદી કે નાણાં પરત ન આપી વિશ્વાસઘાત, છેતરપિંડી કરતાં બી-ડિવિ. પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધવતા પોલીસ એ ગુનો દાખલ કરી વધુ તપાસ પી.એસ.આઈ.કે. ડી.મારુ એ હાથ ધરી છે.

એ માટે હું ધન્યતા અનુભવુ છુંઃ પલક

ટીવી પરદે શ્વેતા તિવારેએ ખુબ મોટો ચાહક વર્ગ ઉભો કરી રહ્યો છે. શ્વેતા વેબ શો પણ કરી ચુકી છે. તેની દિકરી પલક તિવારીએ પણ અભિનયની દુનિયામાં એન્ટ્રી કરી લીધી છે. પલક કહે છે મારી બોલીવૂડની સફર જે રીતે આગળ વધી રહી છે તે અંગે હું ખુબ જ ઉત્સાહિત છું.

આ તબક્કે હું જ્યાં પહોંચી છું તેનો મને આનંદ છે અને રોમાંચ પણ અનુભવી રહી છું. હું ખુબ જ પરિશ્રમ કરી રહી છું અને મારા પ્રોજેક્ટને મારું સર્વસ્વ સમર્પિત કરી રહી છું. સલમાન ખાન સાથે કિસી કા ભાઇ કિસી કી જાનમાં પણ પલકને ખાસ રોલ મળ્યો છે. સલમાન ખાન સાથે કામ કરીને તે અત્યંત ખુશ છે. ઘણા લોકો કહે છે પલક તેની માતા શ્વેતાના પગલે આગળ વધી રહી છે. પલક કહે છે હું માત્ર પોઝિટિવ બાબતો પર નજર રાખુ છું. મારી શરૂઆત સાથે જ મને જે મળી રહ્યું છે એ માટે હું ધન્યતા અનુભવુ છું.

હવે એ સમય આવી ગયો છેઃ રાધિકા

(એજન્સી સમાચાર)

મુંબઇઃ અભિનેત્રી રાધિકા મદાને ગયા વર્ષે પાંચ પ્રોજેક્ટનું કામ પુરુ કર્યું હતું. આ વર્ષે તે વધુ બે ફિલ્મોના શુટીંગમાં વ્યસ્ત થઇ છે. છેલ્લે તે આસમાન ભારદ્વાજ નિર્દેશીત ફિલ્મ કૂત્તેમાં તે જોવા મળી હતી. રીધિકા કહે છે એક સમય એવો પણ હતો કે ત્યારે મારે સતત બે વર્ષ ઘરે બેઠા રહેવું પડયું હતું.

એ વખતે હું માત્ર સપનાઓ જોવા મળતી હતી. ટીવી પરદેથી ફિલ્મી પરદે પ્રવેશ કર્યો એ પછી હું બે વર્ષ ઘરે બેઠી હતી. ત્યારે મને બધા પાગલ સમજતાં હતાં. કારણ કે મેં સાઇન કરેલી કેટલીક ફિલ્મોનું કામ પણ બંધ થઇ ગયું હતું. તેમ છતાં મને જે મળતું તેમને હું એમ જ કહેતી કે હમણા મળાય છે તો મળી લો પછી મારી પાસે સમય જ નહિ હોય. આજે એ સમય આવી ગયો છે જેની મને ખુશી છે. ખાલી સમયમાં મેં ફિલ્મોના વર્કશોપમાં જોડાઇને મારી જાતે પર વર્ક કર્યું હતું. મારું સપનુ પુરુ થવાની ભુખ હવે ભાંગી રહી છે. પાંચ પ્રોજેક્ટ પુરા કરી વધુ બે કામ મેં હાથ પર લીધા છે.

ગુજરાત ટાઇટન્સે મુંબઈને પહેલીવાર હરાવ્યું

મુંબઇઃ ઈન્ડિયન પ્રીમિયર લીગમાં ગઇકાલે ગુજરાત ટાઇટન્સ અને મુંબઈ ઈન્ડિયન્સની વચ્ચે મેચ અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં રમાઈ ગઈ હતી. જેમાં ગુજરાતે મુંબઈને ૫૫ રને હરાવ્યું હતું. મુંબઈ ઈન્ડિયન્સને ૨૦૮ રનનો ટાર્ગેટ મળ્યો છે. જેની સામે ૨૦ ઓવરમાં ૯ વિકેટે માત્ર ૧૫૨ રન જ બનાવી શક્યા હતા. મુંબઈ ઈન્ડિયન્સ તરફથી સૌથી વધુ નેહલ વાઢેરાએ ૨૧ બોલમાં ૪૦ રન બનાવ્યા હતા. તો હાર્દિક પંડ્યાને ૧ વિકેટ મળી હતી. આ જીત સાથે જ ગુજરાત ટાઇટન્સ પોઇન્ટ્સ ટેબલમાં બીજા નંબરે આવી ગયું છે. તેના હવે ૧૦ પોઇન્ટ્સ થઈ ગયા છે.

ગુજરાત ટાઇન્સે નિર્ધારિત ઓવરમાં ૬ વિકેટે ૨૦૭ રન બનાવ્યા હતા. ગુજરાત ટાઇટન્સ તરફથી સૌથી વધુ શુભમન ગિલે ૩૪ બોલમાં ૫૬ રન બનાવ્યા હતા. ડેવિડ મિલરે ૨૨ બોલમાં ૪૬ રન અને અભિનવ મનોહરે ૨૧ બોલમાં ૪૨ રન કર્યા હતા. મુંબઈ ઈન્ડિયન્સ તરફથી સૌથી વધુ પીયુષ ચાવલાએ ૨ વિકેટ લીધી હતી.

રેલ્વે સ્ટેશન ખાતે વોર્ડ-૧૬,૧૭ ના કાર્યકર્તાઓ દ્વારા તામિલવાસીઓનું ભવ્ય સ્વાગત કરાયું

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)
રાજકોટ, તા.૨૬

પ્રદેશ ભાજપની યોજનાનુસાર પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીની એક ભારત, શ્રેષ્ઠ ભારતની સંકલ્પનાને સાકાર કરવા તમિલ સૌરાષ્ટ્ર સંગમ કાર્યક્રમ હેઠળ તા.૧૭ એપ્રિલથી તા.૩૦ એપ્રિલ, ૨૦૨૩ સુધી ૧૦ ટ્રેન દ્વારા તામિલનાડુથી મૂળ ગુજરાતીઓને ગુજરાત દર્શન માટે લાવવાનું આયોજન કરવામાં આવેલ. જેમાં ગીર સોમનાથ ખાતે વિવિધ ભક્તિસભર સાંસ્કૃતિક કાર્યક્રમોની રમઝટ બોલાશે. ત્યારે તામિલથી ગીર સોમનાથ સુધીની આ યાત્રા દરમ્યાન રાજકોટ ખાતે શહેર ભાજપ પ્રમુખ કમલેશ મિરાણીના માર્ગદર્શન હેઠળ શહેર ભાજપ વાસ તમિલમાં સ્થાયી થયેલ મૂળ સૌરાષ્ટ્રવાસીઓનું રાજકોટ જંકશન રેલ્વે સ્ટેશન ખાતે તા.૨૫ એપ્રિલ સુધી દરરોજ રાત્રીના ૧૧ કલાકે શહેર ભાજપના તમામ વોર્ડ અને વિવિધ મોરચા-સેલ દ્વારા ભવ્ય સ્વાગત કરવામાં આવેલ.

તે અંતર્ગત વોર્ડ-૧૬ અને ૧૭ ના કાર્યકર્તાઓ દ્વારા જંકશન રેલ્વે સ્ટેશન ખાતે તમિલવાસીઓનું ભવ્ય સ્વાગત કરવામાં આવેલ હતું. જેમાં જંકશન રેલ્વે સ્ટેશન ખાતે રાજયસભાના સાંસદ રામભાઈ મોકરીયા,રાહેર ભાજપ મહામંત્રી નરેન્દ્રસિંહ ઠાકુર, ડે. મેયર કંચનબેન સિધ્ધપુરા, શાસક પક્ષના નેતા વિનુભાઈ ઘવા, વિક્રમ પુજારા, મહેશ રાઠોડ, હરેશ જોષી, દિનેશ કારીયા, લીનાબેન રાવલ, કિર્તીબા રાણા, રવજીભાઈ મકવાણા, નરેન્દ્ર ડવ, ભાર્ગવ મિયાત્રા, જગદીશ વાઘેલા, જીતુ સીસોદીયા, હેમભાઈ પરમાર, ભરત શીંગાળા, ઝ્યીતાબેન જોષી, જીણાભાઈ ચાવડા, અશ્વિન મોલીયા, જયંતીભાઈ નોંધણવદરા, યોગેશ ભટ્ટ, ગૌતમ ગોસ્વામી, સહિતના સાથે બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમને સફળ બનાવવા હરેશભાઈ જોષી અને જીજ્ઞેશ જોષી, તેમજ હેમભાઈ પરમારની આગેવાનીમાં વોર્ડની ટીમએ જહેમત ઉઠાવી હતી. આ તકે વોર્ડના કાર્યકર્તાઓ બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહયા હતા અને ઢોલ રાસની રમઝટ બોલાવી તામિલવાસીઓને આવકાર્યા હતા. તેમ જણાવ્યું છે. તેમ જણાવ્યું છે.

શહેર ભાજપ દ્વારા કેન્દ્રીય મંત્રી ગજેન્દ્રસિંહ શેખાવતનું એરપોર્ટ ખાતે સ્વાગત કરાયું

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ) રાજકોટ: રાજકોટ મહાનગર ખાતે કાર્યક્રમ અંતર્ગત પધારેલ કેન્દ્રીય મંત્રી ગજેન્દ્રસિંહ શેખાવતનું શહેર ભાજપ દ્વારા પુષ્પગુચ્છ અર્પણ કરી ઉષ્માભેર સ્વાગત કરવામાં આવેલ હતું. આ તકે રાજયસભાના સાંસદ રામભાઈ મોકરીયા, ધારાસભ્ય ડો.દર્શિતાબેન શાહ, રમેશભાઈ ટીલાળા, મેયર ડો. પ્રદિપ ડવ, શહેર ભાજપ મહામંત્રી કિશોર રાઠોડ, નરેન્દ્રસિંહ ઠાકુર સહિતના ઉપસ્થિત રહ્યા હતા.

સિટી બસમાં ટિકિટ વગર મુસાફરી કરતા ૧૧ ઝડપાયા

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)
રાજકોટ, તા.૨૬

રાજકોટ મહાનગરપાલિકાની પરિવહન સેવાઓનું સંચાલન અને નિયંત્રણ કરતી SPV-રાજકોટ રાજપથ લી. દ્વારા ગત તા.૧૭ થી તા.૨૩ એપ્રિલ સુધીમાં કરવામાં આવેલી કામગીરીની વિગત પ્રમાણે શહેરીજનોને સિટી બસ દ્વારા ૪૭ રૂટ પર ૧૧૭ સિટી બસ પરિવહનની સેવા પુરી પાડે છે. જેમાં કુલ ૧, ૮૯, ૧૦૮ મુસાફરોએ લાભ લીધો હતો.

સિટી બસ સેવામાં કામમાં ક્ષતિ બદલ બે ખાનગી એજન્સીઓને અંદાજીત રૂ.૩,૩૪,૭૭૫ દંડ વસુલવામાં આવ્યો હતો તેમજ બસ સેવાની કામગીરી સબબ ૬ કંડક્ટરને ટેમ્પરરી સસ્પેન્ડ અને ૨ કંડક્ટરને કાયમી ધોરણે સસ્પેન્ડ કરાયા ત્યારે બીજી બાજુ ટિકિટ વગરના કુલ ૧૧ મુસાફરોને અંદાજીત રકમ રૂ.૧,૨૧૦ નો દંડ વસુલવામાં આવેલ હતો. BRTS ની વિગતો પ્રમાણે શહેરીજનોને કુલ ૧૮ રૂટ પર સેવા પુરી પાડવામાં આવી છે. જેમાં ગત સમાહ દરમ્યાન કુલ રૂ.૧,૮૬,૫૩૧ મુસાફરોએ સેવાનો લાભ લીધો હતો. BRTS બસ સેવામાં કામમાં ક્ષતિ બદલ ખાનગી એજન્સી પાસેથી રૂ.૫,૮૦૦નો દંડ વસુલવામાં આવ્યો.

વાસાવડ ગામે પ્રા. આરોગ્ય કેન્દ્રના નવા બિલ્ડીંગનું ખાતમુહૂર્ત કરાયું

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)
ગોંડલ, તા.૨૬

ગોંડલ તાલુકાના વાસાવડ ગામે નવા બની રહેલા પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર બિલ્ડીંગ માટે ગત તા.૨૪-૪ ના રોજ સાંજે ૬ વાગ્યે યુવા ભાજપ અગ્રણી જયોતિરાધિત્યસિંહ જાડેજાના હસ્તે વાસાવડ ગામે પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર વાસાવડનું નવું બિલ્ડીંગનું ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું. આ ભુમિપૂજન કાર્યક્રમમાં પ્રા.આરોગ્ય કેન્દ્ર વાસાવડના મેડીકલ ઓફિસર ડો.સરોજબેન જેતપરીયા, પીઆઈવી એન્જિનીયર રાજુભાઈ દવે, ગ્રામ પંચાયત વાસાવડના સરપંચ ઉપસરપંચ ગ્રામ પંચાયતના સભ્યો ગ્રામ આગેવાનો પ્રા.આરોગ્ય કેન્દ્રના સુપરવાઈઝર તેમજ સ્ટાફ અને ગામ લોકોએ મોટી સંખ્યામાં ભાગી લીધો હતો. આ કાર્યક્રમને સફળ બનાવવા ગ્રામ પંચાયત વાસાવડ અને વાસાવડના સ્ટાફે ભારે જહેમત ઉઠાવી હતી.

સોરઠિયા પરિવાર દ્વારા ભાગવત કથા પ્રારંભ

કથા શ્રવણથી તનાવ મુકત જીવનની પ્રેરણા મળેઃ જ્ઞાનસ્વરૂપદાસજી સ્વામી

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)
રાજકોટ, તા.૨૬

કથા શ્રવણથી નિખાલસતા, તનાવ મુકત જીવન જીવવાની સમજણ મળે છે એમ શ્રી જ્ઞાનસ્વરૂપદાસજી સ્વામીએ કહ્યું હતું. વધુમાં તેઓએ કહ્યું હતું કે, આંબે પાકેલી સાખની કેરી મીઠી હોય અને એવી કેરીને જ પોપટ ખાય છે. કાર્બનથી પકાવેલીને નહીં. તેમ ભાગવત છે એ પણ શાસ્ત્રોના સારરૂપ શુકદેવજીના મુખે ગવાયેલું મધુર શાસ્ત્ર છે. એનું ભગવાનના ભકતો ભાવથી પાન કરે છે.

રાજકોટના મવડી મેઈન રોડ ઉપર આવેલ બાપા સીતારામ ચોક ખાતે શ્રીમદ ભાગવત કથાનું આયોજન કરવામાં આવેલ છે. સોરઠીયા પરિવારના સ્વર્ગસ્થ શ્રી ઉકાભાઈના સુપુત્રો શ્રી ડાયાભાઈ, જેન્તી ભાઈ, મનસુખભાઈ તથા સ્વર્ગસ્થ બટુકભાઈના સુપુત્ર હિતેશભાઈ સોરઠીયાના યજમાન પદે ભગવાન શ્રીકૃષ્ણચંદ્રજીના લીલા ચરિત્રોથી સભર શ્રીમદ ભાગવત ગ્રંથરાજની કથાનું આયોજન કરવામાં આવ્યું છે. કથાના વકતા શ્રી સ્વામિનારાયણ ગુરૂકુળના સંતો પુરાણી શ્રી જ્ઞાનસ્વરૂપદાસજી સ્વામી, નવયુવાન શાસ્ત્રીશ્રી ચૈતન્યસ્વરૂપદાસજી સ્વામી, સુરેન્દ્રનગર તથા રતનપરથી પધારેલા ધૂનવાળા શ્રી નારાયણપ્રસાદદાસજી સ્વામી, સુરત ગુરૂકુળથી પધારેલ શ્રી પ્રભુસ્વામી, તેમજ શ્રી સંતવલ્લભદાસજી સ્વામી, શાસ્ત્રી શ્રી હરિપ્રિયદાસજી સ્વામી વગેરે સંતો જોડાયેલા. ગુરૂકુળના વિદ્યાર્થીઓની રાસ મંડળી તથા પોથીની વિશાળ શોભાયાત્રા નીકળેલી. પોથીજીનું પૂજન મવડીમાં આવેલ વિવિધ મંદિરોમાં ગુરૂકુલના ભૂતપૂર્વ વિદ્યાર્થી પવિત્ર ભૂદેવ કિશોરભાઈ દવે મહારાજે યજમાન સોરઠીયા પરિવાર પાસે કરાવેલ. પોથીજીની શોભાયાત્રામાં કથાના વકતા શ્રી સ્વામિનારાયણ ગુરૂકુળના સંતો પુરાણી શ્રી જ્ઞાનસ્વરૂપદાસજી સ્વામી, નવયુવાન શાસ્ત્રીશ્રી ચૈતન્યસ્વરૂપદાસજી સ્વામી, સુરેન્દ્રનગર તથા રતનપરથી પધારેલા ધૂનવાળા શ્રી નારાયણપ્રસાદદાસજી સ્વામી, સુરત ગુરૂકુળથી પધારેલ શ્રી પ્રભુસ્વામી, તેમજ શ્રી સંતવલ્લભદાસજી સ્વામી, શાસ્ત્રી શ્રી હરિપ્રિયદાસજી સ્વામી વગેરે સંતો જોડાયેલા. ગુરૂકુળના વિદ્યાર્થીઓની રાસ મંડળી તથા ધજાધારી બાળકો, ભાવિક ભક્તો તેમજ મહિલા ભક્તો મસ્તકે પોથીઓ ધારણ કરીને જોડાયેલ.

આ પ્રસંગે કથાશ્રવણાર્થે પધારેલા ધારાસભ્ય રમેશભાઈ ટીલાળા તથા ખોડલધામ કાગવડના ટ્રસ્ટી હર્ષદભાઈ માલાણી, અગ્રણી બિલ્ડર રજનીકાંતભાઈ શાહને સંતોએ હાર પહેરાવી શુભાશીર્વાદ પાઠવેલ. કથા સભા સંચાલન ગુરૂકુળના સ્વામીશ્રી શાસ્ત્રી સત્યસંકલ્પદાસજી સ્વામીએ કર્યું હતું.

કથા તા.૩૦ એપ્રિલ સુધી દરરોજ બપોર પછી ૪ થી ૭ રાત્રે ૮:૩૦ થી ૧૧ દરમ્યાન કથાશ્રવણનો લાભ ભાવિકોને લેવા સોરઠીયા પરિવારે સાદર જાહેર નિમંત્રણ પાઠવ્યું છે.

કુબેર એપાર્ટમેન્ટના સ્થાનિક રહેવાસીઓને ફાયર સેફટી અંગે તાલીમ અપાઇ

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)
રાજકોટ, તા.૨૬

રાજકોટ મહાનગરપાલિકા ફાયર અને ઈમરજન્સી સર્વિસીઝ દ્વારા રાજકોટ શહેર વિસ્તારમાં આવેલ હાઇરાઇઝ બિલ્ડીંગમાં લગાવવામાં આવતી ફાયર સેફટીના સાધનો જે બિલ્ડીંગમાં રહેતા લોકોને જાગૃતિ માટે કુબેર એપાર્ટમેન્ટ, આજીડેમ પોલીસ સ્ટેશન પાસે, ફાયર સેફટીની મોકડ્રિલનું આયોજન કરવામાં આવેલ, આ મોકડ્રીલમાં અંદાજે ૧૨ થી ૧૫ રહેવાસીઓ જોડાયેલ. જે મોકડ્રીલમાં ફાયર એન્ડ ઈમરજન્સી વિભાગના સ્ટેશન ઓફિસર એ.કે.દવે, લીડીંગ ફાયરમેન સંજયભાઈ નાગલાણી, ફાયરમેન અનીલ પરમાર, વિપુલ રાઠોડ તથા ટ્રેનર સહિતના સ્ટાફ દ્વારા બિલ્ડીંગમાં લગાવવામાં આવેલ ફાયર સિસ્ટમ અને ફાયર સેફટીના સાધનોને આગ લાગે ત્યારે કઇ રીતે ઉપયોગ કરવો, શું કરવું અને શું ન કરવું જોઇએ તેમજ આગ બુઝાવવા માટેની ફાયર સિસ્ટમ અને સાધનો તથા ફાયર એક્સ્ટીંગ્યુસરનો ઉપયોગ કેવી રીતે કરવો, જાળવણી અને કઇ રીતે પોતાનો તથા અન્યનો બચાવ કરવો તે અંગે ચીફ ફાયર ઓફિસર આઇ.વી. ખેર અને ડે.ચીફ ફાયર ઓફિસર બી.જે. ઠેબાના સુપરવિઝન હેઠળ ફાયર સેફટી અંગે માર્ગદર્શન અને મોકડ્રિલનું આયોજન કરવામાં આવેલ હતું.

ગુજરાત ભાજપ ઉપાધ્યક્ષ ડો.ભરતભાઈ બોઘરાને કર્ણાટકમાં ચૂંટણીની ખાસ જવાબદારી

(ધર્મેશ કલ્યાણી દ્વારા)
જસદણ, તા.૨૬

ગુજરાત પ્રદેશ ભાજપના ઉપાધ્યક્ષ ડો. ભરતભાઈ બોઘરાને કેન્દ્રીય ભાજપ દ્વારા કર્ણાટક વિધાનસભાની ચૂંટણીને ધ્યાન લઈને કર્ણાટક રાજ્યમાં ચૂંટણીલક્ષી ખાસ જવાબદારી સોંપવામાં આવતા તેઓ કર્ણાટક ખાતે પહોંચી ગયા છે.

આ અંગેની જાણવા મળતી વિગતો મુજબ કર્ણાટકમાં રાજ્ય વિધાનસભાની ચૂંટણી જાહેર થઈ ગઈ છે અને સમગ્ર કર્ણાટક રાજ્યમાં જોર શોરથી ચૂંટણી પ્રચાર ચાલી રહ્યો છે ત્યારે ગુજરાત પ્રદેશ ભાજપના ઉપાધ્યક્ષ અને જસદણના પૂર્વ ધારાસભ્ય ડો.ભરતભાઈ બોઘરાને કેન્દ્રીય ભાજપ દ્વારા કર્ણાટક રાજ્યમાં ચૂંટણીલક્ષી ખાસ જવાબદારી સોંપવામાં આવી છે.

કર્ણાટક રાજ્યમાં વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના રોડ શો, રેલી, સભાઓ ઉપરાંત કેન્દ્રીય ગૃહમંત્રી અમિતભાઈ શાહ અને ભાજપના રાષ્ટ્રીય પ્રમુખ જે.પી. નડ્ડાના રોડ શો, સભા, રેલી સહિતના તમામ કાર્યક્રમોનું પ્લાનિંગ, વ્યવસ્થા, સંકલન તેમજ માઇક્રો પ્લાનિંગ સાથે

ઓબ્ઝર્વેશન વગેરે બાબતની ખાસ જવાબદારી સોંપવામાં આવી છે. ડો. ભરતભાઈ બોઘરા ચૂંટણી સુધી કર્ણાટકમાં જ રહીને ભાજપની કામગીરી કરશે તેવું જાણવા મળે છે.

ચોટીલા ખાતે મેઘાણી સંગ્રહાલય અને પુસ્તકાલયનું ખાતમુહૂર્ત કરાશે

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)
રાજકોટ, તા.૨૬

આઝાદીના અમૃત મહોત્સવ તથા રાષ્ટ્રીય શાયર ઝવેરચંદ મેઘાણીની ૧૨૫મી જન્મજયંતિ વર્ષ અંતર્ગત ઝવેરચંદ મેઘાણીની જન્મભૂમિ ચોટીલા (જિ. સુરેન્દ્રનગર) ખાતે ૫૦૦૦ ચો. મી. પરિસરમાં ઐતિહાસિક જન્મસ્થળ અને આજુબાજુમાં આવેલ સરકારી ઈમારતોને સાંકળીને ભવ્ય રાષ્ટ્રીય શાયર ઝવેરચંદ મેઘાણી સંગ્રહાલય (મ્યુઝિયમ) તથા વિશાળ, સમૃધ્ધ, અદ્યતન રાષ્ટ્રીય શાયર ઝવેરચંદ મેઘાણી સરકારી તાલુકા પુસ્તકાલયનું નિર્માણ ગુજરાત સરકારના રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ દ્વારા થનાર છે.

તા.૨૮ ને શુક્રવારના રોજ સવારે ૯ કલાકે ચોટીલા સ્થિત રાષ્ટ્રીય શાયર ઝવેરચંદ મેઘાણીના ઐતિહાસિક જન્મસ્થળ ખાતે ખાતમુહૂર્ત મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના વરદ-હસ્તે કરવામાં આવશે. ગુજરાત સરકારના પ્રવાસન, સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ, વન અને પર્યાવરણ, ક્લાઈમેટ ચેન્જના મંત્રી અને સુરેન્દ્રનગર જિલ્લાના પ્રભારી મંત્રી મુળુભાઈ બેરાની વિશેષ ઉપસ્થિતિ રહેશે.

સોમનાથમાં સૌ પ્રથમ વખત ઐતિહાસિક પાલખી યાત્રાનું આયોજન

વિશ્વનું પ્રથમ જ્યોતિર્લિંગ એટલે સોમનાથ. જેના પ્રતિષ્ઠા દિવસ પ્રસંગે તીર્થ પુરોહિત શ્રી સોમપુરા બ્રાહ્મણ સમાજના નેતૃત્વ હેઠળ સમગ્ર જિલ્લાના નગરજનો, જ્ઞાતિ મંડળો, યુવા મંડળો અને સંગઠનોએ ભગવાનશ્રી સોમનાથની ઐતિહાસિક નગરચર્યામાં ભાગ લીધો હતો. ઘરે ઘરે સોમનાથ નગરને પુષ્પ, તોરણોથી સુશોભિત કરવામાં આવ્યું હતું. નગરજનોએ રંગોળી કાઢી અને મહાદેવનું પુષ્પવર્ષાથી સ્વાગત કર્યું હતું અને ભગવાનની આરતી ઉતારી આશીર્વાદ મેળવ્યા હતા.

આ પ્રસંગે સમગ્ર પાલખીયાત્રા દરમ્યાન બ્રાહ્મણો દ્વારા શાત્રોકત મંત્રોનું ઉચ્ચારણ કરવામાં આવ્યું હતું અને નગરજનો ડીજે અને ઓરકેસ્ટ્રાના તાલે ભગવાનના ભજનો પર જુમ્યા હતા. સમગ્ર યાત્રા દરમ્યાન તમામ ખાનગી સંગ્રઠનો દ્વારા ઠેરઠેર પાણી, સરબત તથા અલ્પાહરની વ્યવસ્થા રાખવામાં આવી

હતી. આ પાલખીયાત્રામાં લગભગ ૨૦૦૦૦ની જનમેદની ઉમટી પડી હતી અને ભગવાનશ્રી સોમનાથજીના આશીર્વાદ પ્રાપ્ત કર્યા હતા. તેમ જણાવ્યું છે.

મંત્રી કુંવરજીભાઈ બાવળીયાનાં પ્રયત્નોથી આટકોટની બુઢણપરી નદી નજીકના અનુશ્રવણ તળાવનું નવીનીકરણ થશે

(ધર્મેશ કલ્યાણી દ્વારા)
જસદણ, તા.૨૬

જસદણ તાલુકાના આટકોટ ગામે ખારચીયાના રસ્તે આવેલ બુઢણપરી નદી પાસે સિંચાઈ વિભાગ દ્વારા ૧૫ એમસીએફટી પાણીની ક્ષમતાનો સંગ્રહ થાય તે માટે અનુશ્રવણ તળાવને નવીનીકરણ કરવાના કામને સરકારના જળસંપતિ વિભાગ દ્વારા મંજુર કરવામાં આવ્યું છે. કાયમી અછત વાળા જસદણ અને વિંછીયા તાલુકામાં પાણીના સંગ્રહ શક્તિમાં વધારો થાય તે માટે જળસંપતિ મંત્રી કુંવરજીભાઈ બાવળીયા સતત પ્રયત્નશીલ રહ્યા છે જેના કારણે બુઢણપરી નદી પાસેના તળાવનું નવસર્જન થતા ખારચીયા, પાંચવડા અને વિરનગર, આટકોટ ગામના ખેડૂતોની અંદાજે ૮૦ થી ૧૦૦ હેકટર ખેતીની જમીનને સિંચાઈમાં મોટો ફાયદો થશે તેમજ આસપાસની જમીનના

પાંચવડા, ખારચીયા,વિરનગર, આટકોટની અંદાજે ૧૦૦ થી વધુ હેકટર ખેતીની જમીનને ફાયદો થશે

બોર/ કુવાના તળ ઉંચા આવશે. આ તળાવની લંબાઈ ૨૭૫ મીટર, પહોળાઈ ૨૦૦ મીટરની છે જે અંદાજે ૫૫ હજાર સ્કવેરમીટર એરીયાને આવરી લેશે. ધારાસભ્ય અને કેબિનેટ મંત્રી કુંવરજીભાઈ બાવળીયાની સુચનાને ધ્યાને લઈ જીલ્લા પંચાયત રાજકોટ હસ્તકના સિંચાઈ પંચાયત વિભાગ દ્વારા તાબડતોબ આ કામની તાંત્રીક કામગીરી હાથ ધરવામાં આવી છે. અંદાજે રૂ.૧૧૦ લાખથી વધુના ખર્ચે તૈયાર થનાર અનુશ્રવણ તળાવમાં સંગ્રહ થનાર પાણીનો લાભ આવનારા સમયમાં ખેડૂત સહિતના લોકોને મળતો થશે.

ભારતમાં ૨૦૬૦ સુધીમાં હીટવેવ વધુ ભયાનક બનવાની આગાહી

દરવર્ષે હીટવેવના દિવસો વધતા જતા હોવાનું વલણ ચિંતાજનક ગણાવતો હવામાન ખાતાનો અહેવાલ

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

નવી દિલ્હી, તા.૨૬

ભારતમાં આગામી ૨૦૬૦ સુધીમાં હીટવેવ વધુને વધુ આકરું અને ભયાનક બનશે તેવી ભારતીય હવામાન વિભાગે ચિંતાજનક આગાહી કરી છે.

હવે ૩ દાયકા બાદ હીટવેવનો ગાળો ૧૨ થી ૧૮ દિવસનો રહેવાની આગાહીઃ હીટવેવને સમજવા માટે ૧૯૬૧ થી ૨૦૨૦ સુધીના ડેટાનો અભ્યાસઃ ભારતમાં દરવર્ષે હીટવેવથી વધુમાં વધુ મૃત્યુ થયાનું નોંધાઈ છે

હીટવેવ વધુ તિવ્ર અને ડરામણું બનશે એટલું જ નહીં તેની અવધીમાં પણ વધારો થઇ જશે જે સૌથી વધુ ચિંતાજનક બાબત છે.

હવામાન ખાતાએ હીટવેવ અને કોલ્ડવેવની હવામાન ઘટનાઓને સમજવા માટે ૧૯૬૧ થી ૨૦૨૦ સુધીના ડેટાનો ઉપયોગ કરી તૈયાર કરેલા ખાસ હવામાન અહેવાલમાં એવી ચેતવણી આપવામાં આવી છે કે, વર્ષ ૨૦૬૦ સુધીમાં હીટવેવની અવધીમાં ૧૨ થી ૧૮ દિવસનો વધારો થઇ જશે. અત્યારે ગરમીનું મોજું મધ્ય અને ઉતર- પશ્ચિમ ભારતમાં પાંચ દિવસ જેટલું હોય છે. હવે ૨૦૨૦ થી ૨૦૬૪ ના સમયગાળામાં બે હીટવેવ પણ વધી જશે અને તેનો ગાળો પણ ૧૨ થી ૧૮ દિવસનો રહેશે. તેવી ડરામણી હકીકતો અહેવાલમાં દર્શાવવામાં આવી છે.

અહેવાલ જણાવે છે કે, ભારતમાં હીટવેવ સૌથી વધુ મૃત્યુનું કારણ બનતા રહ્યા છે. જયારે મહતમ તાપમાન ૪૦ ડિગ્રી હોય અને સામાન્ય કરતા ૪.૫ ડિગ્રી વધારે હોય ત્યારે હીટવેવ શરૂ થાય છે. ભારતના કોઈપણ રાજ્યમાં જો તાપમાન ૪૦ ડિગ્રી હોય અને સામાન્યથી ૬.૫ ડિગ્રી વધુ હોય તો તિવ્ર ગરમીનું મોજું જાહેર થાય છે. તાપમાન મુજબ હીટવેવ અને તિવ્ર ગરમી જાહેર કરવામાં આવે છે. દેશમાં સામાન્ય રીતે માર્ચથી જૂન દરમ્યાન મધ્ય તથા ઉત્તર- પશ્ચિમ ભારત તેમજ આંધ્રપ્રદેશ અને ઓરિસ્સાના દરિયાકાંઠા વિસ્તારમાં હીટવેવ સર્જાય છે.

એક અભ્યાસ મુજબ છેલ્લા ૩૦ વર્ષમાં હીટવેવની કુલ અવધીમાં ૩ દિવસનો વધારો થયો છે. હવે આવનારા વર્ષોમાં અવધી વધતી જશે. એવું અનુમાન છે. ૨૦૬૦ સુધીમાં તો હીટવેવ લાંબો અને ભયાનક બની જશે. હવે તો એવો વર્તારો પણ થયો છે કે, દ્વીકલ્પીય ભારત અને દરિયાકાંઠાના વિસ્તારો જ્યાં ગરમી ઓછી હોય છે ત્યાં પણ હીટવેવ આવી શકે છે.

અર્થ સાયન્સ વિભાગ મંત્રાલયના ભૂતપૂર્વ સચિવ તથા આ અહેવાલના સહ લેખક એમ.રાજીવન જણાવે છે કે, ઘણા વિસ્તારોમાં સૌથી લાંબો હીટવેવ ૧૦ દિવસનો નોંધાયો છે. જેમાં કાંઠા વિસ્તારો પણ સમાવિષ્ટ છે. નોર્થવેસ્ટ ભારતમાં તો ૧૫ દિવસનો હીટવેવ પણ નોંધાયેલો છે.(૨.૧૨)

ઊંઝામાં જયન્ટસ પરિવાર દ્વારા વિજ્ઞાન જાથાનો ચમત્કારોથી ચેતો કાર્યક્રમ સંપન્ન

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ) અમદાવાદ, તા.૨૬ : ઊંઝા જાયન્ટસ પરિવાર અને એ.પી.એમ.સી. ના સંયુક્ત ઉપક્રમે જનસમાજ, જાયન્ટસ પરિવારો અને ગ્રામજનોમાં અંધશ્રધ્ધા નિવારણનો ભારત જન વિજ્ઞાન જાથાનો ચમત્કારોથી ચેતો લોકજાગૃતિ કાર્યક્રમ સફળતાથી સંપન્ન થયો હતો. જાથાનો ૧૦૦૨૦ મો કાર્યક્રમ સફળતાથી સંપન્ન થયો હતો. ઊંઝા પોલીસે પ્રશંસનીય કામગીરી બજાવી હતી. રાજયમાં જનજાગૃતિ કાર્યક્રમ યોજવા ઈચ્છુકોએ મો. ૯૮૨૫૨ ૧૬૬૮૯ ઉપર સંપર્ક સાધવા યાદીમાં જણાવાયું છે.

ગીતા વિદ્યાલય ટ્રસ્ટ દ્વારા સતત ૫૧માં વર્ષે નિઃશુલ્ક ઉનાળુ છાશ વિતરણ

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૨૬

જંકશન પ્લોટ ખાતે મનહરલાલજી મહારાજ સ્થાપિત સેવા સંસ્થા ગીતા વિદ્યાલય ટ્રસ્ટ દ્વારા છેલ્લા ૫૮ વર્ષોથી બાળ સંસ્કાર કેન્દ્ર,ગીતા પ્રચાર, સંસ્કૃત પ્રચાર, સાર્વજનિક વાચનાલય, રાહતદરે નોટબુક વિતરણ, નિઃશુલ્ક નિદાન-સારવાર કેમ્પ, જ્ઞાનયજ્ઞ, બાળમજુરી નાબુદી, વ્યસનમુક્તિ વગેરે સેવા પ્રવૃત્તિઓનું સંચાલન થાય છે. ગીતા વિદ્યાલય ટ્રસ્ટ દ્વારા ઈ.સ.૧૯૭૩માં નિઃશુલ્ક ઉનાળુ છાશ કેન્દ્રનો પ્રારંભ થયો હતો. છેલ્લા ૫૧ વર્ષોથી આ સંસ્થા દ્વારા ઉનાળામાં ત્રણ માસ સુધી છાશ કેન્દ્રનું સંચાલન થાયછે. પ્રતિદિન ૨૦૦ જેટલા પરિવારોને

(આશરે ૧૦૦૦ વ્યક્તિઓને) પરિવાર દીઠ સવા લીટર તાજી અને પૌષ્ટિક છાશનું નિઃશુલ્ક વિતરણ થાય છે. ઉનાળાની કાળઝાળ ગરમીમાં તાજી અને અમૃતરૂપી છાશ લોકોના કાળજે ટાઢક પહોંચાડે તેવા ઉમદા હેતુથી ઈ.સ.૧૯૭૩થી શરૂ થયેલો આ સેવાયજ્ઞ છેલ્લા ૫૧ વર્ષોથી સતત દર વર્ષે અવિરતપણે ચાલી રહ્યો છે. દર

જરૂરિયાતમંદ પરિવારોને છાશનું કાર્ડ કાઢી અપાશે

વર્ષે ઉનાળાના પ્રારંભે રામનવમીએ છાશકેન્દ્રનો પ્રારંભ થાયછે અને જુન માસમાં વરસાદ થઇ જાય ત્યારે છાશ કેન્દ્રનું સમાપન થાયછે. આ સેવાકાર્યમાં વિવિધ દાતાઓનો સહયોગ મળેલ છે.પોતાના સદ્ગત સ્વજનોની પૂણ્યસ્મૃતિમાં એક દિવસના છાશ વિતરણની સેવા પણ ઉપલબ્ધ છે. જરૂરિયાતમંદ પરિવારોને રેશનકાર્ડના આધારે સાંજે ૬ થી ૭ દરમ્યાન છાશનું કાર્ડ કાઢી આપવામાં આવે છે. તેમ જણાવ્યું છે.

બદનક્ષીના કેસમાં સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના ઈન્ચાર્જ કુલપતિ તેમજ ઈન્ચાર્જ રજીસ્ટ્રારને કોર્ટનું તેડું

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૨૬

એચ.એન.શુકલ ઉપર બી.બી.એ. સેમ-પાંચનું ડાયરેકટ ટેક્ષીસ વિષયનું પેપર તારીખ ૧૨ ઓકટોબર ૨૦૨૨ના રોજ તેમજ બી.કોમ. સેમ-પાંચનું ઓડીટીંગ એન્ડ કોર્પોરેટ ગર્વનન્સનું પેપર તારીખ ૧૩ ઓકટોબર, ૨૦૨૨ના રોજનું કોલેજ તરફથી લીક થયું છે તેવો હિન્ન આક્ષેપ કોલેજના કર્મચારી ઉપર લગાવી સરેઆમ એચ.એન.શુકલ કોલેજ તથા નેહલભાઈ શુકલની ગરીમાં, પ્રતિષ્ઠા તથા આબરૂના લીરા ઉડાડવામાં આવવાનું અમાનવીય કૃત્ય ડો.ગીરીશભાઈ ભીમાણી તથા અમીતભાઈ એસ.પારેખ દ્વારા કરવામાં આવ્યું છે અને ડો.ગીરીશભાઈ ભીમાણી ઈન્ચાર્જ વાઈસ ચાન્સલર કે જેઓ સૌરાષ્ટ્ર યુનિવર્સિટીમાં અગાઉ ડીન પણ રહી ચુકેલા છે તેઓએ કોલેજ વિરૂધ્ધ સમાચારો તથા મીડિયામાં ખોટા સમાચારો વહેતા કરી સમગ્ર એચ.એન.શુકલ ગ્રુપ બદનામ થાય તેવા હીન પ્રયાસો કરવામાં આવેલ છે. અમારી તથા અમારી કોલેજને બદનામ કરવાના તથા સમાજ તથા શૈક્ષણિક ક્ષેત્રમાં ઉતારી પાડવાના અમારી તથા કોલેજની આબરૂ પ્રતિષ્ઠાને નુકશાન પહોંચાડવાનાં ઈરાદાથી જાણી જોઈને સમજી વિચારીને કરેલ કૃત્યથી કોલેજની આબરૂ પ્રતિષ્ઠાને નાણામાં ન આંકી

એડવોકેટઃ અંશ ભારદ્વાજ | એડવોકેટઃ નેહલ શુકલ

શકાય તેટલું નુકશાન પહોંચાડેલ છે. ત્યારબાદ એચ.એન.શુકલ ગ્રુપ ઓફ કોલેજીસના જવાબદાર પ્રતિનીધી તરીકે નેહલભાઈ શુકલએ જવાબદાર અધિકારીઓ સામે બદનક્ષી બદલ કાનુની નોટીસ આપેલ હતી. નોટીસ મળ્યેથી દિવસ-૧૫ માં પ્રતીવાદીઓ દ્વારા નેહલભાઈ શુકલ તથા કોલેજ સંબંધી જે ખોટા સમાચારો પ્રસિધ્ધ કરાવેલ છે તે પેટે ડો.ગીરીશભાઈ ભીમાણી સામે રૂપિયા છ કરોડની બદનક્ષી કરવા બદલ નુકશાન વળતર તથા અમીતભાઈ એસ.પારેખ સામે રૂપિયા પાંચ કરોડની બદનક્ષી કરવા બદલ નુકશાન વળતરની માંગણી કરવામાં આવેલ અને એચ.એન.શુકલ કોલેજ તથા નેહલભાઈ શુકલ વિશે માફી માંગવા જણાવેલ હતું. તેમ છતાં સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના જવાબદાર અધિકારી દ્વારા કોઈ ખુલાસો કે માફી માંગવામાં ન આવતા નેહલભાઈ શુકલ દ્વારા સિવિલ કોર્ટમાં બદનક્ષી થયાનો દાવો દાખલ કરતા કોર્ટે પુરાવાઓને આધારે ડો.ગીરીશભાઈ ભીમાણી તથા અમીતભાઈ એસ.પારેખ સામે કોર્ટમાં હાજર રહેવા માટે નોટીસ ઈસ્યુ કરેલ છે. ડો. નેહલભાઈ ચીમનભાઈ શુકલ તે એચ.એન.શુકલ કોલેજ તમામ વતી તથા તેમના જવાબદાર અધિકૃત વ્યકિત દરજજે પ્રતિવાદી સામે બદનક્ષી બદલ નુકશાનની વળતર રકમ રૂા.૧૧,૦૦,૦૦,૦૦૦ વસુલ મળવા અંગે દાવો દાખલ કરેલ છે અને પ્રતિવાદી સામે નોટીસ ઈસ્યુ કરવામાં આવેલ છે.

આ કેસમાં વાદી તરફે અભય ભારદ્વાજ એન્ડ એસોસીએટસ તરફથી અંશ ભારદ્વાજ, દીલીપ પટેલ, ધીરજ પીપળીયા, ગૌતમ પરમાર, વિજય પટેલ, અમૃતા ભારદ્વાજ, કલ્પેશ નસીત, સુમીત વોરા, જીજ્ઞેશ વિરાણી, જીતેનદ્ર કાનાબાર, કમલેશ ઉધરેજા, શ્રીકાંત મકવાણા, તારક સાવંત, ગૌરાંગ ગોકાણી વગેરે રોકાયા હતા.

લેન્ડગ્રેબિંગના ગુન્હામાં મહિલા સામે હાઈકોર્ટનો સ્ટે

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૨૬

ફરિયાદી જયદિશભાઈ પ્રાગજીભાઈ ઝાલા રહે.: રાજકોટવાળાઓએ પ્ર.નગર પોલીસ સ્ટેશનમાં એવા આક્ષેપો વાળી ફરિયાદ આપેલ હતી કે, ફરિયાદીના માતાની દેખરેખ રાખવા આરોપીને રાખેલ હોય. જેને ફરિયાદીના માતાના નામનું મકાન પોતે ફરિયાદીના માતા-પિતાની દિકરી હોવાના ખોટા ડોકયુમેન્ટ બનાવી જે ડોકયુમેન્ટ ખોટા હોવાનું જાણવા છતાં સાચા તરીકે ઉપયોગ કરી મકાનનો દસ્તાવેજ પોતાના નામે ટ્રાન્સફર કરાવેલ જેમાં આરોપીના ઓએ ફરિયાદીના માતા અવસાન પામેલ હોય, તે બાદ

એડવોકેટઃ જીતેન્દ્રસિંહ પરમાર

તેના નામનું ખોટું સોગંદનામું બનાવી, મદદગારી કરી ફરિયાદીનું વરસાઈ મકાન પચાવી પાડેલ હતું. ઉપરોકત ફરિયાદના આધારે પ્ર.નગર પોલીસ સ્ટેશનમાં ગુનો દાખલ થયેલ હતો. જે ગુનામાં ઉપરોકત અરજદારની ખોટી રીતે ધરપકડ થાય તેમ હોય. જેથી તેઓએ હાઈકોર્ટમાં ફરિયાદ રદ કરવા કવોશીંગ પીટીશન દાખલ કરેલ હતી. અને તેઓ વિરૂધ્ધની તપાસ સામે સ્ટે. માંગેલ હતો. જેમાં અરજદાર તરફે થયેલ દલીલો ધ્યાને લઈ કોર્ટે અરજદારની વચ્ચગાળાની રીલીફ મંજુર કરી અરજદાર વિરૂધ્ધની તપાસ સામે તથા ધરપકડ સામે સ્ટે. આપેલ હતો.

આ કેસમાં આરોપી મહિલા એડવોકેટ હર્ષાબેન એ. મકવાણા તરફે ધારાશાસ્ત્રી જીતેન્દ્રસિંહ વી. પરમાર, ચીરાગ પી.મેતા, વિજયભાઈ બી. જોશી, એસ.એમ.ડાભી તથા પ્રતિકભાઈ જસાણી રોકાયેલ હતા.

સરકારી જમીનમાં લેન્ડ ગ્રેબિંગના ગુન્હામાં હાઈકોર્ટ દ્વારા તપાસ સામે સ્ટે

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૨૬

ફરિયાદી સરકારને એક અરજદાર વિવેકભાઈ સિંધવએ લેન્ડ ગ્રેબિંગ થયા અંગે આરોપીઓ વિરૂધ્ધ અરજી આપેલી જેથી ફરિયાદી કમલેશભાઈ કાળાભાઈ કરમટા (મામલતદાર રાજકોટ તાલુકા) એ આજીડેમ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ આપેલ કે રાજકોટ તાલુકાના ભુપગઢ ગામે આવેલ સરકારી ખરાબાનો જમીન હોવાનું જાણવા છતાં આરોપીઓએ તે જમીન પર ગેરકાયદેસર રીતે પચાવી પાડવાના ઇરાદે મકાન તથા વંડો બનાવી

રાજકોટ સેશન્સ કોર્ટે દ્વારા આરોપીની રેગ્યુલર જામીન અરજી મંજૂર

સરકારની કિંમતી જમીન પચાવી પાડી એકબીજાની મદદગારી કરી ગુન્હો કર્યો છે વગેરે મતલબની ફરિયાદ નોંધાવતાં આજીડેમ પોલીસે કુલ ૮ આરોપીઓ કાનજીભાઇ મંગાભાઈ રાઠોડ, જગદીશભાઇ કાનજીભાઇ રાઠોડ, કેશરબેન વિરાભાઈ રાઠોડ, ક્માભાઈ ડાયાભાઇ રાઠોડ, જસાભાઈ ડાયાભાઇ રાઠોડ, ચંદુભાઈ ભીખાભાઇ રાઠોડ, રામજીભાઇ ડાયાભાઇ રાઠોડ, પ્રવીણભાઈ મંગાભાઈ રાઠોડ વિરૂધ્ધ ગુન્હો નોંધી તપાસ ચાલુ કરેલ બાદમાં પોલીસએ સદરહુ કામના આરોપી ચંદુભાઈ ભીખાભાઇ રાઠોડની ધરપકડ કરી અદાલત સમક્ષ રજૂ કરતા અદાલતે ચંદુભાઈ ભીખાભાઇ રાઠોડને જેલહવાલે કરેલ હતા.

બાદમાં આરોપીઓએ પોતાના એડવોકેટ દ્વારા ગુજરાત હાઇકોર્ટમાં સ્પેશિયલ ફોજદારી અરજી દાખલ કરવામાં આવી હતી તેમજ આરોપીઓ તરફે એવી રજૂઆત કરવામાં આવેલ હતી કે, આરોપીઓના દાદા મેઘાભાઈ ગીગાભાઈ રાઠોડને ભુપગઢ ગામે ૪ એકર જમીન ૧૯૬૯ માં ફાળવણી થઈ હતી જેની નોંધ નં.૪૬૨ હતી. જે બાદમાં મેઘાભાઈ ગીગાભાઈ રાઠોડનું અવસાન થતાં તેમના વારસોની નોંધ નં. ૪૧૦૩ થી થઈ હતી આરોપીઓ પક્ષ ની તમામ રજૂઆતો ધ્યાને લઈ ગુજરાત હાઇકોર્ટ દ્વારા તમામ આઠેય આરોપીઓ વિરુદ્ધ પોલિસ તપાસ સ્ટે કરવાનો હુકમ ફરમાવવામાં આવેલ હતો. તેમજ ધરપકડ થયેલ અને જેલ હવાલે થયેલ આરોપી ચંદુભાઈ ભીખાભાઇ રાઠોડ દ્વારા પોતાના વકીલ મારફત રાજકોટ સ્પેશિયલ લેન્ડ ગ્રેવિંગ કોર્ટમાં જામીન અરજી કરવામાં આવતા બન્ને

એડવોકેટઃ રૂપરાજસિંહ પરમાર

પક્ષની રજૂઆતોને ધ્યાને લઈ આરોપીના જામીન રાજકોટ સ્પેશિયલ લેન્ડ ગ્રેબિંગ કોર્ટ દ્વારા મંજૂર કરવામા આવેલ છે. આ કેસમાં આરોપી વતી એડવોકેટ વિકીભાઈ મહેતા, રૂપરાજસિંહ પરમાર, પલકબેન જાડેજા, અજીતભાઇ પરમાર, હુસૈનભાઈ હેરંજા, શક્તિભાઈ ગઢવી, જયદેવસિંહ ઝાલા, પાર્થરાજસિંહ ઝાલા, રવિભાઈ લાલ, જીતભાઈ શાહ અને ફૈઝાનભાઈ સમા રોકાયા હતા.

અવસાન નોંધ

રાજકોટ: સ્વ.હરિશચંદ્ર છોટાલાલ ગાંધીના પત્ની નિર્મળાબેન હરીશચંદ્ર ગાંધી (ઉ.વ.૮૮) તે ભરતભાઈ, અભયભાઈ, હિતેષભાઈ, મનોજભાઈ, ચેતનભાઈ, ઉદયભાઈ, નયનાબેન, સંગીતાબેન, દર્શનાબેનના માતાનું તા.૨૨-૪ શનિવારના રોજ અવસાન થયું છે. સદ્ગતનું બેસણું તા.૨૭-૪ ના ગુરૂવારે સવારે ૧૦:૩૦ કલાકે દિગમ્બર જૈન મંદિર, પંચનાથ પ્લોટ, શેરી નં.૫, શાસ્ત્રી મેદાન સામે, રાખેલ છે.

જસદણ તાલુકા ભાજપના અગ્રણી મહેશભાઈ પાઠકના માતાનું અવસાન

જસદણ: જસદણ તાલુકા ભાજપના જનસંઘ વખતના પીઢ અગ્રણી મહેશભાઈ પાઠકના માતાનું અવસાન થયું છે. બ્રહ્મસમાજના પ્રભાબેન ડાયાલાલ પાઠક (ઉંમર વર્ષ ૮૮) તે મહેશભાઈ પાઠક (જસદણ તાલુકા ભાજપ અગ્રણી) ના માતા તથા મેહુલભાઈ અને તુષારભાઈના દાદીમાંનું તા.૨૨-૪ ના રોજ જસદણ તાલુકાના ઝુંડાળા ગામે અવસાન થયું છે. તેમની સરવણી તા.૩૦-૪ ને રવિવારે ઝુંડાળા મુકામે યોજાશે.

પોલીસ ફરજમાં રૂકાવટ કરી ધમકી આપવાના ગુન્હામાં આરોપીઓનો નિર્દોષ છુટકારો

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૨૬

બી. ડીવી. પો.સ્ટે. મા ફરજ બજાવતા પી.એસ.આઈ.એ. ફરિયાદ નોંધાવેલ કે તેઓ તથા તેમની સાથેનો સ્ટાફ પેટ્રોલીંગમાં હતા તે દરમ્યાન બાતમી મળેલ કે દુધ સાગર રોડ ઉપર આવેલ ગુ.હા.બોર્ડના કવાર્ટરમાં રહેતા નરેન્દ્રસિંહ મહીપતસિંહ જાડેજા પોતાની ઘરે ગેરકાયદેસર હથીયારો રાખે છે અને સોસાયટીમાં વારંવાર હથીયારોથી આમ પ્રજાને ડરાવે ધમકાવે છે જેથી પોલીસ સ્ટાફ સાથે તે જગ્યાએ ગયેલ ત્યારે આ આરોપીએ પોલીસ વિરૂધ્ધ ખોટી ફરિયાદ કરવાની ધમકી આપેલ અને માથા પછાડવા લાગેલ અને કાચ તોડી નાખેલ. જેથી પોલીસ તંત્રએ બળ વાપરી તલવાર કબ્જે કરેલ અને

એડવોકેટઃ કિરીટ નકુમ

ઘરમાંથી પણ હથીયારો કબ્જે કરેલ હતા અને તે સમયે નરેન્દ્રસિંહની માતા રાજેશ્વરીબા ગયેલ અને પોલીસ સ્ટાફ સાથે ઝધડો અને અભદ્ર વર્તન કરેલ હતું. જેથી પોલીસ તંત્ર દ્વારા સ્થળ ઉપરથી જ આરોપીની અટક કરેલ હતી અને કાયદેસરની કાર્યવાહી કરેલ હતી અને જુદી જુદી કલમો મુજબ ફરિયાદ નોંધેલ હતી. સદરહું કામમાં આરોપીનો જામીન ઉપર છુટકારો થયેલ હતો અને ત્યારબાદ સદરહું કેસ અદાલતમાં ચાલી જતા અદાલતે કેસના સંજોગો, કેસની હકીકતો, દસ્તાવેજી પુરાવાઓ, સાક્ષીની જુબાનીઓ અને અદાલતોના વિવિધ ચુકાદાઓને ધ્યાનમાં રાખી આરોપી મા-દિકરો નરેન્દ્રસિંહ જાડેજા તથા રાજેશ્વરીબા જાડેજાને નિર્દોષ ઠરાવી છોડી મુકવા હુકમ કરેલ હતો. આ કેસમાં બચાવપક્ષે યુવા લો એસોસિએટના એડવોકેટ કિરીટ નકુમ, હમાંશુ પારેખ, નીવીદ પારેખ, વિક્રાંત વ્યાસ, કુલદીપ ચૌહાણ, યશપાલ ચૌહાણ, તથા લીગલ આસીસ્ટન્ટ દિવ્યરાજ ચાવડા રોકાયેલ હતા.

રાજકોટમાં કડક પોલીસ અમલદારની નિમણૂંક કરવા લોકસંસદ વિચારમંચની માંગણી

છેલ્લા ૧૩ દિવસમાં ૪ હત્યા, રાજકોટ બની રહ્યું છે અપરાધનગરઃ ગજેન્દ્રસિંહ ઝાલા

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)
રાજકોટ, તા.૨૬

રાજકોટ મહાનગરની કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિને લઈને લોકસંસદ વિચારમંચે ચેરી અને ઊંડી ચિંતા વ્યક્ત કરી છે. લોકસંસદ વિચારમંચે એક નિવેદનમાં જણાવ્યું છે કે, છેલ્લા ૧૩ દિવસમાં ૪- ૪ હત્યાઓ થઇ છે.

શહેર જાણે કે, ચોર- લૂંટારા, લુખ્ખા, રોમિયો અને ખૂનીઓના હવાલે થઇ ગયું છે. અહીં તાત્કાલિક કડક પોલીસ અધિકારીની નિમણૂંક કરવા મંચે મુખ્યમંત્રીને રજૂઆત કરી છે.

લોકસંસદ વિચારમંચેના દિલીપ આસવાણી, ગજેન્દ્રસિંહ ઝાલા, એડવોકેટ ઇન્દુભા રાઓલ, પ્રવિણભાઈ લાખાણી તેમજ મહિલા આગેવાનો સરલાબેન પાટડીયા તથા પ્રફુલ્લાબેન ચૌહાણે એક સંયુક્ત નિવેદનમાં જણાવ્યું છે કે, એક સમયનું શાંત અને રંગીલું શહેર આજે અપરાધીનગર બન્યું છે. શહેરના ગુંડારાજ છે. છેલ્લા ૧૩ દિવસમાં ૪ હત્યાઓથી શહેરીજનો સ્તબ્ધ બન્યા છે. એક સમયે રાજકોટમાં પોલીસની ધાક હતી. જે તે સમયે પી.કે.દત્તા, સતીષ વર્મા, અતુલ કરવલ, સુભાષ ત્રિવેદી, સુખદેવસિંહ ઝાલા, મહાવીરસિંહ રાણા જેવા અમલદારોના નામ માત્રથી ગુન્હેગારો ભોંભીતર થઇ જતા હતા.

આગેવાનોએ એવો આક્ષેપ કર્યો છે કે, આજે શહેરમાં ચોર- લુંટારા, રોમિયો, બળાત્કારીઓ, લુખ્ખાઓ અને ખૂનીઓનું સામ્રાજ્ય છે. પોલીસની ધાક ઓસરી ગઈ છે એટલે આવારા તત્વો બેકાબુ બન્યા છે. પ્રજા માટે આંદોલન કરનારાઓને પકડીને પૂરી દેતી પોલીસ ગુન્હેગારો સામે પાણીમાં બેસી જાય છે. ક્યારેક કોઈ પોલીસ અધિકારી ઈમાનદારીથી કામ કરે તો તેને હાંસિયામાં ધકેલી દેવાય છે.

નિવેદનમાં તેમણે દર્શાવ્યું છે કે, ગુન્હેગારોને કાબુમાં કરી શકે તેવા તટસ્થ, જાંબાઝ અને કડક પોલીસ અધિકારીની નિયુક્તિ કરવા મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલને લેખિત રજૂઆત કરવામાં આવી છે.(૨.૧૨)

કાલે જીવ સેવા ફાઉન્ડેશન જામનગર દ્વારા મહારકતદાન કેમ્પનું આયોજન

(દિવ્યેશ જટાણીયા)
મીઠાપુર, તા.૨૬

ઓખામંડળ તાલુકાના મીઠાપુર નજીક આવેલા સુરજકરાડીના શિશમંદિર ખાતે આવતીકાલ તા.૨૭ ને ગુરૂવારના રોજ જીવ સેવા ફાઉન્ડેશન જામનગર દ્વારા એક મહારકતદાન કેમ્પનું આયોજન કરવામાં આવેલ છે. રકતદાન કરવાથી કોઇનો જીવ બચાવી શકાય છે. જ્યારે કટોકટીના સમયે રક્તની જરૂરીયાત ઉભી થાય ત્યારે રક્ત મળી રહે તે ઉમદા હેતુથી આ આયોજન થનાર છે તો રક્તદાતાઓને રક્તદાન કરવા માટે અપીલ કરવામાં આવી છે. વધુ વિગત માટે ૯૬૩૮૭ ૬૮૯૪૮ પર સંપર્ક કરવા અનુરોધ કરાયો છે.

રાજકોટ જિલ્લાના વિવિધ વિકાસ કાર્યોની રજૂઆત કરતા ભુપત બોદર

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)
રાજકોટ, તા.૨૬

રાજકોટ જિલ્લા પંચાયત પ્રમુખ ભુપતભાઇ બોદરની યાદી જણાવે છે કે, વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ તથા પ્રદેશ પ્રમુખ સી.આર.પાટીલના માર્ગદર્શન હેઠળ ગુજરાત રાજ્યના ખુણેખુણાનો વિકાસ વેગ પકડી રહ્યો છે. ત્યારે રાજકોટ જિલ્લાનો વિકાસ વધુ વેગવંતો બને અને રાજકોટ જીલ્લાના ગ્રામ્ય લોકોની સુખાકારી તથા સુવિધામાં સતત વધારો થાય તેવા ઉમદા હેતુથી વિવિધ લોકઉપયોગી કાર્યોની રજુઆત બાબતે રાજકોટ જિલ્લા પંચાયત પ્રમુખ ભુપતભાઇ બોદરે મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલ તથા કેબિનેટ મંત્રી અને રાજકોટ જીલ્લાના પ્રભારી મંત્રી રાઘવજીભાઈ પટેલની મુલાકાત કરી હતી. જે મુલાકાત દરમ્યાન રાજકોટ જિલ્લાના વિવિધ વિકાસ કાર્યોની રજૂઆતના મુદ્દાઓ અંગે ચર્ચા કરી હતી. રાજકોટ જિલ્લાના વિવિધ નોન પ્લાન રસ્તાઓ, ૫ થી ૭ વર્ષ જુના રિસરફેસીંગ માટેના રોડ રસ્તાની દરખાસ્તો, જિલ્લા પંચાયત ભવનના નવા બિલ્ડિંગની દરખાસ્તને મંજુરી આપવા બાબત, બેડલા ખાતે પ્રાથમિક આરોગ્ય કેન્દ્રના નવા બિલ્ડિંગ બાબત તથા બેટી નદી પર બીગ ચેકડેમ બનાવવા માટેની દરખાસ્ત, નવી સાંકળી, કાળીપાટ વગેરે ગામોમાં પુર સંરક્ષણ દીવાલ બનાવવા માટેની રજુઆત તથા ગ્રામ્ય વિસ્તારના સિંચાઇ વિભાગના વિવિધ કામો અંગે કેબિનેટ મંત્રી કુંવરજીભાઈ બાવળીયાને રજૂઆત કરી હતી. તેમજ રાજકોટ જિલ્લાના રાણીગપર અને ફાડદંગ ડેમનો સૌની યોજના લીંક-૪ માં સમાવેશ કરવા સહિતની રજુઆત કરવામાં આવી હતી. રાણીગપર અને ફાડદંગ ડેમનો સૌની યોજના લીંક-૪ માં સમાવેશ કરવાથી અંદાજે ૨૦ થી ૩૦ ગામોને ખેતી તથા પીવાના પાણીની સવલત કાયમી મળી રહેશે, આ ઉપરાંત પ્રમુખએ સ્વભંડોળમાંથી રાજકોટ જિલ્લાના વિવિધ ગામોના સ્મશાનો માટે માંગણી કરેલ સ્મશાન ભઠ્ઠી (ખાટલા) સત્વરે પુરા પાડવા માટે મંત્રી મુળુભાઇ બેરાને પણ રજૂઆત કરવામાં આવી હતી. તમામ રજૂઆતો બાબતે મુખ્યમંત્રી અને પ્રભારી મંત્રીએ રાજકોટ જિલ્લા માટે હકારાત્મક વલણ દાખવીને વહેલી તકે તમામ રજૂઆતનો નિકાલ લાવવાની ખાત્રી આપી હતી અને સંબંધિત વિભાગોમાં સુચનાઓ આપી હતી. તેમ જિલ્લા પંચાયત પ્રમુખ ભુપતભાઈ બોદરે જણાવ્યું હતું.

સ્થાનિક શાકભાજીની આવકમાં વધારો થતાં

શાકભાજીના ભાવમાં ૩૦ થી ૪૦નો ઘટાડો

શાકભાજીની આવક વધવાને કારણે યાર્ડના તમામ પ્લેટફોર્મ ભરચક

રાજકોટ.તા.૨૬

રાજકોટ યાર્ડમાં સ્થાનિક શાકભાજીની આવક શરૂ થતા ગત સમાહ સુધી જે શાકભાજી મોંઘું હતું. તેના ભાવમાં અચાનક રૂ. ૩૦થી ૪૦ સુધીનો ઘટાડો આવ્યો છે. પહેલા અન્ય શહેર-રાજ્યમાંથી શાકભાજી મગાવવું પડતું હતું. તેના બદલે હવે તમામ આવક સ્થાનિકની જ આવવા લાગી છે. ગત સમાહે જે લીંબુનો ભાવ રૂ.૧૦૦થી ૧૨૦ સુધી હતો. તેનો આ સમાહમાં ભાવ રૂ.૭૦નો થયો છે. સૌથી વધુ ભાવઘટાડો ગુવારમાં નોંધાયો છે. શાકભાજીના ભાવમાં કેટલા ઘટેલા રહે છે તેનો આધાર કેરીની આવક પર રહે છે. જો કેરીની આવક વધારે થશે તો ભાવમાં ઘટાડો થશે અને જો કેરીની આવક ઓછી હશે તો શાકભાજીની ડિમાન્ડમાં વધારો થશે અને ભાવમાં વધારો થશે. તેમ ઈન્સ્પેક્ટર કાનાભાઇ ચાવડા જણાવે છે.હાલમાં એક બાજુ આવક વધારે છે. સામે ડિમાન્ડ નહિ હોવાને કારણે તેનો રોજ કરતા નિકાલ ઓછો થઈ રહ્યો છે. યાર્ડમાં શાકભાજીના ભાવ ઘટવાને કારણે કેટલાક લોકો શાકભાજીની ખરીદી માટે સીધા યાર્ડે જ પહોંચી રહ્યા છે. એકીસાથે મોટા પ્રમાણમાં ખરીદી કરી લે છે. લગ્ન સિઝન શરૂ થયા બાદ શાકભાજીની ડિમાન્ડમાં વધારો થશે. ત્યારે ભાવમાં વધારો આવે તેવી સંભાવના છે. જોકે યાર્ડમાં આવક વધવાને કારણે શાકભાજીના ભાવમાં ઘટાડો આવ્યો છે, પરંતુ છૂટક માર્કેટમાં હજુ લોકોને ઉંચા ભાવ ચૂકવવા પડે છે. શાકભાજીની આવક વધવાને કારણે યાર્ડના તમામ પ્લેટફોર્મ ભરાઈ જાય છે. અત્યારે બે વખત શાકભાજીની હરાજી કરવામાં આવે છે. રાજકોટ સહિત આજુબાજુના પંથક અને ગ્રામ્ય વિસ્તારમાંથી શાકભાજી લઈને ખેડૂતો આવી રહ્યા છે.

આવક વધ્યા બાદ શાકભાજીના ભાવ

લીંબ ૫૦થી ૭૦, ગુવાર ૪૦થી ૪૫, મરચાં, ૨૦થી ૨૫, કારેલા ૨૦થી ૩૦, ગલકા ૧૦થી ૧૫, ઘીસોડા ૨૦થી ૨૨, ચોળા ૨૦થી ૨૫, દૂધી ૮થી ૧૦, કોબીજ પથી ૧૦, ટમેટાં ૭થી ૧૫, મરચી ૨૦થી ૨૫, બીટ પથી ૭, કાકડી ૧૦થી ૨૦

સૌરાષ્ટ્રની ધરતીના પેટાળમાં પેટ્રોલિયમ-ગેસનો ભંડાર હોવાની સંભાવના

ઓએનજીસીની ટીમોએ ઉપલેટા, માણાવદર સહિત 3 જિલ્લાઓ પોરબંદર, રાજકોટ અને જૂનાગઢમાં સર્વે શરૂ કર્યો

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ) રાજકોટ, તા.૨૬

સૌરાષ્ટ્રની ધરતીના પેટાળમાં પેટ્રોલિયમ અને ગેસનો વિપુલ ભંડાર સચવાયેલો હોવાની સંભાવનાને કારણે સર્વેક્ષણની કામગીરી વેગપૂર્વક શરૂ કરવામાં આવી હોવાનું ઓએનજીસીના સત્તાવાર સૂત્રોએ જાહેર કર્યું છે. અત્યારે 3 જિલ્લાઓ રાજકોટ, પોરબંદર અને જૂનાગઢના વિવિધ વિસ્તારોમાં સર્વેની કામગીરી હાથ ધરવામાં આવી છે. જે જૂન-૨૦૨૪ સુધી ચાલશે. એવું પ્રોજેક્ટ ચેરમેને જણાવ્યું હતું.

સેન્સરની મદદથી વિવિધ સ્થળે ૫૦ થી ૬૦ ફૂટ ઊંડે સુધી ડ્રીલીંગ કરીને ધરતીના પેટાળમાંથી નમુના લેવામાં આવ્યા છે અને ચકાસણી કરવામાં આવી છે. આ તમામ નમુનાનો ડેટા એકત્ર કરી ઓએનજીસી વડોદરા અને દેહરાદુન મોકલવામાં આવશે. સૌરાષ્ટ્રમાં આ પ્રકારનો સર્વે પહેલીવાર થઇ રહ્યો છે.

પેટ્રોલિયમ અને ગેસના નવા ક્ષેત્રો શોધવા માટે ઓ.એન.જી.સી. દ્વારા હાલ જુનાગઢ, રાજકોટ તેમજ પોરબંદર જિલ્લામાં વિવિધ સ્થળોએ સર્વે શરૂ કરવામાં આવ્યો છે. જુનાગઢમાં પેટ્રોલ અને ગેસના સંશોધન માટે ઓએનજીસી કંપની દ્વારા ૫૦૦ સ્કવેર કિલોમીટરના એરિયામાં સંશોધન હાથ ધરવામાં આવ્યું છે. જેમાંથી ૨૫૦ કિલોમીટરના એરિયામાં સર્વે થઈ ચૂકયો છે.

માણાવદર તાલુકાના અલગ અલગ ગામડાઓમાં આ સર્વેની કામગીરી હાથ ધરવામાં આવી છે. જેમાં ૪૦૦૦ જેટલા સેન્સર મુકવામાં આવ્યા છે અને આ સેન્સરની મદદથી ૫૦ થી ૬૦ ફુટ ઉંડા ડ્રીલીંગ કરીને તેમાંથી નમુના લેવામાં આવી રહ્યા છે.

ઓએનજીસીના પ્રોજેકટ ચેરમેન યોગેશ સજવાણે જણાવ્યું હતું કે પોરબંદર, રાજકોટ અને જૂનાગઢ જિલ્લાના વિસ્તારોમાં સેસ્મિક સર્વેની કામગીરી હાથ ધરવામાં આવી છે. જેમાં જૂનાગઢ જિલ્લાના માણાવદર વંથલી અને રાજકોટ જિલ્લાના ઉપલેટામાં આ કામગીરી હાથ ધરવામાં આવી છે. આ સેસ્મિક સર્વેમાં જમીનમાં બોર કરી તેની પેટ્રોલેમ અને ગેસ માટે નહીં ક્ષમતાને ધ્યાને લઈ ડેટા એકત્રીત કરવામાં આવે છે. જમીનોમાં ૫૦થી૬૦ ફુટ સુધી ડ્રીલ દ્વારા બોર કરવામાં આવે છે. જેમાં ખાસ સેન્સરનો ઉપયોગ કરી અને ડેટા એકત્રીત કરવામાં આવે છે. ભુગર્ભ સ્તરની ક્ષમતાના ડેટા એકત્રીત કરી તેમને ઓએનજીસી વડોદરા તેમજ દહેરાદૂન ખાતે મોકલવામાં આવે છે.

આ સેસ્મિક સર્વેમાં કુદરતી ગેસ અને પેટ્રોલિયમનું સંશોધન કરવા માટે હોય છે. આ સર્વેમાં જે કુદરતી ગેસ અને પેટ્રોલિયમ પેદાશોના ડેટા મળે છે તેને આધારે ભુગર્ભમાં વધુ સર્વે માટેની કામગીરી હાથ ધરવામાં આવે છે. સૌરાષ્ટ્રમાં પહેલીવાર ઓએનજીસી દ્વારા શૈક્ષણિક સર્વે કરવામાં આવી રહ્યું છે. આ સર્વેની કામગીરી પૂર્ણ થયા બાદ પેટ્રોલ કે ગેસ અંગેની સ્પષ્ટતા ઉચ્ચ અધિકારીઓ દ્વારા કરવામાં આવશે અને આગળની કાર્યવાહી કરાશે.

અગાઉ જીયોલોજીસ્ટની એક ટીમ દ્વારા આ વિસ્તારમાં સર્વે હાથ ધરવામાં આવ્યો હતો અને ત્યારબાદ આ બીજો સર્વે કરવામાં આવી રહ્યો છે. જેમાં એક દિવસમાં સાતથી આઠ સ્કવેર કુટના વિસ્તારમાંથી નમુના એકત્રીત કરવામાં આવ્યા છે. ૪૦૦ જેટલા કર્મચારીઓ સર્વેની કામગીરીમાં જોડાયા છે અને જૂન ૨૦૨૪ સુધી આ સર્વેની કામગીરી ચાલશે તેવું જાણવા મળી રહ્યું છે.(૨.૧૨)

રાજુલાના જંગલ વિસ્તારમાં ફરી સિંહની પજવણી થતા ખળભળાટ

બાઈક પાછળ દોડાવીને બે સિંહબાળની ક્રૂર મસ્તી કરી રહ્યાનું વીડિયો વાયરલ

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ) રાજકોટ, તા.૨૬

આપણા ગૌરવ સમાન એશિયાઇ સાવજના એકમાત્ર નિવાસસ્થાન ગીર અભયારણ્ય અને ગીર જંગલ રેવન્યુ વિસ્તારમાં સાવજોની શાંતિમય રોજીંદી જીવનશૈલીમાં ખલેલ પહોંચાડવાની ઘટનાઓ અવાર-નવાર બની રહી છે. હવે તો એવી હદ થઇ છે કે, સાવજની પજવણીમાં ખુદ વનવિભાગનો જ કર્મચારી સંડોવાયો હોવાનું બહાર આવતા ખળભળાટ મચી ગયો છે અને જીવદયાપ્રેમીઓ સખ્ત નારાજ થયા છે.

જંગલનો રાજા ગણાતો સાવજ સ્વભાવગત રીતે શાંત વાતાવરણમાં રહેવાનું વધારે પસંદ કરે છે. જો તેની શાંતિમાં ખલેલ પહોંચાડવામાં આવે તો એ ઉશ્કેરાઈ જાય છે. રોજીંદી જીવનશૈલીમાં સાવજ કોઈ ખલેલ સહન કરતો નથી. ત્યારે ગીર જંગલમાં વિહરતા સાવજોની ક્રૂર ઢબે મશ્કરી કરવાની ઘટનાઓ અવાર- નવાર બની રહી છે. છાશવારે આવા વીડિયો વાયરલ થતા હોય છે પણ વનવિભાગ ઊંઘતું ઝડપાઈ છે અને કોઈ કડક કાર્યવાહી કરવામાં આવતી નથી. હમણાં તાજેતરમાં ગીરની મધ્યમાં ગેરકાયદે લાયન શોની ઘટના બની હતી.

ગઈકાલે રાજુલાથી જે વીડિયો વાયરલ થયો છે એ ચોંકાવી દેનારો છે. સિંહની પાછળ બાઈક દોડાવીને કોઈ વિકૃત શખ્સ સાવજની પજવણી કરી રહ્યાનું વીડિયોમાં દેખાય છે. સ્થાનિક લોકોએ એવો ધડાકો કર્યો છે કે, સિંહને હેરાન કરતો આ શખ્સ વનવિભાગનો જ છે. જે ખુલ્લા મેદાનમાં સાવજની પાછળ બાઈક ભગાવતો દેખાઈ રહ્યો છે. આ ઘટનાથી જીવદયાપ્રેમીઓમાં ભારે રોષ ફેલાયો છે. વનવિભાગ જેની જવાબદારી સાવજના રક્ષણની છે ત્યારે એ વિભાગનો જ એક કર્મચારી પોતાની ફરજ ભૂલીને સિંહબાળને હેરાન કરતું હોય તો એ ઘટનાને વનવિભાગના ઉચ્ચ અધિકારીઓએ ગંભીરતાથી લેવી જોઈએ. આ વીડિયોના તથ્ય તપાસી જે વ્યક્તિ હોય તેની સામે કડકમાં કડક પગલા લેવા વન્યજીવ નિષ્ણાંતો અને જીવદયાપ્રેમીઓએ માંગણી કરી છે.(૨.૧૨)

રાજકોટ મહાનગરપાલિકાએ ૨૭ મિલ્કતો સીલ કરી ૩.૩.૮૩ કરોડની રીકવરી કરી

૩ નળ કનેકશન કપાત તથા ૩ મિલ્કતોને ટાંચ જપ્તીની નોટીસ

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ) રાજકોટ, તા.૨૬

રાજકોટ મહાનગરપાલિકાની વેરા વસુલાત શાખા દ્વારા આજે બપોરે ૧ કલાક સુધીમાં ૨૭ મિલ્કતોને સીલ કરેલ તથા ૩ નળ કનેકશન કપાત તથા ૩ મિલ્કતોને ટાંચ જપ્તી નોટીસ આપેલ રીકવરી રૂા. ૩.૮૩ કરોડ રીકવરીની કાર્યવાહી કરવામાં આવી.

આ કામગીરી આસી. મેનેજર રાજીવ ગામેતી, મયુર ખીમસુરીયા,વિવેક મહેતા, નિરજ વ્યાસ તથા તમામ વોર્ડ ઓફીસર, તમામ વોર્ડ ટેક્ષ ઈન્સપેકટરઓ દ્વારા આસી.કમિશનર સમીર ધડુક તથા વી.એમ.પ્રજાપતિ ના માર્ગદર્શન હેઠળ કાર્યવાહી કરવામાં આવી. હાલ સીલીંગ અને રીકવરીની કામગીરી ચાલુ છે.

રાજકોટ મહાનગરપાલિકામાં કોન્ટ્રાકટ પ્રથા દુર કરી વાલ્મીકી સમાજની કાયમી ધોરણે ભરતી કરવા માંગ

તસવીરઃ દિલીપ ગોહેલ

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ) રાજકોટઃ રાજકોટ કામદાર યુનિયન દ્વારા મ્યુ.કમિશનરને એક આવેદનપત્ર પાઠવી મહાનગરપાલિકામાં સફાઈ કામદાર તરીકે વાલ્મીકી સમાજમાંથી સફાઈ કામદારોની કાયમી ધોરણે ભરતી કરવા અને કોન્ટ્રાકટ પ્રથા રદ કરવા માંગણી કરવામાં આવી છે. આવેદનમાં જણાવ્યું છે કે, કોવિડ સમયમાં પણ વાલ્મીકી સફાઈ કામદારોએ સ્વચ્છતા અભિયાન ચાલુ રાખ્યું હતું. જાનના જોખમે પણ ફરજ બજાવી હતી. એટલે મહાપાલિકામાં સફાઈ માટેની કોન્ટ્રાકટ પ્રથા બંધ કરી વાલ્મીકી સમાજમાંથી સફાઈ કામદારોની ભરતી કાયમી ધોરણે કરવા રાજકોટ કામદાર યુનિયનની વિનંતી છે. તેમ યુનિયનના પ્રમુખ પારસ બેડીયાએ જણાવ્યું છે.(૨.૧૨)

આરટીઈમાં બાળકોને પ્રવેશની મનાઈ કરનાર શાળાની માન્યતા રદ કરાશે

રાજ્યમાં ૯૬ હજાર ફોર્મ ભરાયાઃ ઉમર મર્યાદાના લીધે ફોર્મ ઓછા ભરાયા,શાળાઓમાં ૮૩,૦૦૦ થી વધુ બેઠકો અનામત

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ) રાજકોટ, તા.૨૬

આરટીઇ હેઠળ ખાનગી શાળામાં ગરીબ બાળકોને પ્રવેશ આપવાની શરૂ કરાયેલ પ્રક્રિયા પૂર્ણ થઈ ચૂકી છે. હવે આવેલા ફોર્મ પૂર્ણ રીતે ચકાસણી થયા બાદ બાળકોને પ્રવેશ આપવામાં આવશે. જે ગરીબ બાળકનો પ્રવેશ ફાઈનલ થયા બાદ તેને ખાનગી શાળામાં એડમિશન આપવું ફરજિયાત છે. જો કોઈ શાળા સંચાલક બાળકને પ્રવેશ આપવામાં ઈન્કાર કરે છે, તો તેની સામે કાર્યવાહી કરવામાં આવશે. આવા સંચાલકની શાળાની માન્યતા રદ થવા સુધીના પગલા લેવાઈ શકે છે. માટે જે બાળકને પ્રવેશ આપવામાં કોઈ સંચાલક ધક્કા ખવડાવે છે કે પ્રવેશ આપવામાં ઈન્કાર કરે છે, તો જિલ્લા શિક્ષણ અધિકારી હેલ્પલાઈન પર ફરિયાદ કરવા સૂચના આપવામાં આવી છે.

છેલ્લા ૧૫ દિવસથી આરટીઇને લઈને પ્રવેશ પ્રક્રિયા ચાલી રહી હતી. જેને લઈને રાજ્યમાં આ વખતે અંદાજે ૮૩ હજાર બેઠકો માટે અંદાજે ૯૬ હજાર જેટલી અરજીઓ આવી છે. જોકે, પ્રવેશ પ્રક્રિયામાં કોઈ ખોટી રીતે પ્રવેશ ન મેળવી શકે તે માટે આ વખતે વધુ તકેદારી રાખવામાં આવી હતી અને નિયમોનો પણ કડક અમલ કરવામાં આવ્યો. જેના પગલે ગત વર્ષે એક લાખ ૯૩ હજાર જેટલી અરજીઓ આવી હતી, તેની સામે આ વખતે માત્ર ૯૬ હજાર અરજીઓ જ પ્રવેશ માટે આવી છે.

જેના કારણે આ વખતે પ્રવેશ મેળવવામાં ધસારો નહીં થાય તેવું તંત્ર માની રહ્યું છે. હાલ આવેલા ફોર્મની સ્કુટીની કરવામાં આવી રહી છે અને તમામ દસ્તાવેજોની ચકાસણી બાદ આગામી ૧૦થી ૧૫ દિવસમાં પ્રવેશ ફાળવણી કરવામાં આવશે. તંત્ર દ્વારા આ વખતે શાળાના સંચાલકોને પણ ખાસ આદેશ કરવામાં આવ્યો છે કે, આરટીઇ હેઠળ પ્રવેશ મેળવનાર બાળકને પ્રવેશ આપવામાં ઈન્કાર કરવો નહીં. જો કોઈ સંચાલક પ્રવેશ આપવાનો ઈન્કાર કરશે અને તેની ફરિયાદ મળશે તો પ્રથમ ૧૦ હજારનો દંડ, બીજીવાર ૨૫ હજારનો દંડ અને ત્યાર બાદ પ્રવેશ માટે આનાકાની કરશે તો શાળાની માન્યતા રદ કરવા સુધીના પગલા લેવામાં આવશે. ખાનગી સ્કૂલના પ્રથમ વર્ષના ૨૫ ટકા બેઠકો આરટીઈ હેઠળ ફાળવવામાં આવેલી છે આ ઉપરાંત વાલીઓને પણ સૂચના આપવામાં આવી છે કે, જો કોઈ શાળાનો સંચાલક પ્રવેશ આપવામાં ઈન્કાર કરે છે કે પછી પ્રવેશ માટે ધક્કા ખવડાવે છે તો જિલ્લા શિક્ષણાધિકારી કચેરી દ્વારા શરુ કરાયેલ હેલ્પલાઈન પર ફરિયાદ કરે. કચેરીએ રુબરુ આવીને પણ વાલી શાળા સંચાલક વિરુદ્ધ ફરિયાદ કરી શકે છે.

મહત્વનું છે કે, ગરીબ બાળકો પણ ખાનગી સ્કૂલમાં શિક્ષણ મેળવી શકે તે હેતુથી ખાનગી સ્કૂલના પ્રથમ વર્ષના ૨૫ ટકા બેઠકો આરટીઈ હેઠળ ફાળવવામાં આવેલી છે. તેમ છતાં ભૂતકાળમાં કેટલાક શાળા સંચાલકોની મનમાનીના કારણે વિવાદ થઈ ચૂક્યો છે. જેથી આ વખતે આ પ્રકારનો કોઈ વિવાદ ન થાય તેને લઈને પ્રાથમિક શિક્ષણ વિભાગ સંચાલક સામે કાર્યવાહી કરવા મક્કમ બન્યું છે.

પ્રવેશ માટે ૬ વર્ષની મુદ્દત કરાતાં આરટીઈમાં ૬૦% બાળકો ઘટ્યા

રાજ્યની જુદી જુદી સ્કૂલોમાં ધો.૧માં પ્રવેશ માટેની વયમર્યાદા ૬ વર્ષ કરવામાં આવી છે. વયમર્યાદા વધારવાના કારણે પહેલાં ધોરણમાં પ્રવેશ લેનારા વિદ્યાર્થીઓની સંખ્યામાં ઘટાડો થશે તેવી આશંકાના પગલે સરકાર દ્વારા મોટાપાયે કવાયત હાથ ધરવામાં આવી હતી. આમ, નવા નિયમના પગલે આરટીઈમાં પ્રવેશ ઇચ્છતાં વિદ્યાર્થીઓની સંખ્યામાં ૬૦ ટકાનો ઘટાડો થયો હોવાનું માનવામાં આવે છે.ગત વર્ષની સરખામણીમાં ચાલુ વર્ષે માત્ર ૯૮,૫૦૧ અરજી આરટીઈમાં પ્રવેશ માટે આવી હતી. જે પૈકી અત્યાર સુધીમાં ૬૫,૦૨૫ અરજીઓ માન્ય કરવામાં આવી છે.

રાજ્યમાં હીટવેવની અસરઃ અનેક શહેરોમાં તાપમાન ૪૦ને પાર

અમદાવાદમાં ૪૦.૬,અમરેલીમાં ૪૦.૮ ડિગ્રી તાપમાનઃ સુરેન્દ્રનગરમાં ૪૧.૪,ભુજમાં ૪૧.૨ ડિગ્રી તાપમાન



(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ) રાજકોટ, તા.૨૬

રાજ્યમાં હીટવેવની અસર જોવા મળી રહી છે. થોડા સમય પહેલા થયેલા કમોસમી વરસાદમાં મળેલી આંશિક રાહત બાદ હવે ગુજરાતીઓએ ગરમીમાં શેકાવાનો વારો આવ્યો છે. રાજ્યમાં લોકો ગરમીથી ત્રાહિમામ પોકારી ગયા છે. રાજ્યના મોટાભાગના જિલ્લાઓ અને શહેરોમાં તાપમાન ૪૦ને પાર પહોંચી ગયું છે.

તો, રાજ્યમાં મહત્તમ તાપમાનની વાત કરીએ તો મહત્તમ તાપમાં ૪૦ ડિગ્રીને પાર પહોંચી ગયું છે. જેમાં, સૌથી વધુ તાપમાન સુરેન્દ્રનગરમાં ૪૧.૪ ડિગ્રી નોંધાયું હતું. તો, ભુજમાં ૪૧.૨ ડિગ્રી તાપમાન, અમરેલીમાં ૪૦.૮ ડિગ્રી, અમદાવાદમાં ૪૦.૬ ડિગ્રી, રાજકોટમાં ૪૦.૬ ડિગ્રી, કંડલામાં ૪૦.૧ ડિગ્રી, કેશોદમાં ૪૦ ડિગ્રી તાપમાન નોંધાયું હતું. તો ઘણા સ્થળો એવા પણ રહ્યા જ્યાં તાપમાન ૪૦ ડિગ્રીથી નીચે રહ્યુ હતું. જેમાં, ગાંધીનગરમાં ૩૯.૮ ડિગ્રી, વડોદરામાં ૩૯.૮ ડિગ્રી, ડીસામાં ૩૯.૨ ડિગ્રી અને વલ્લભવિદ્યાનગરમાં ૩૯ ડિગ્રી તાપમાન નોંધાયું હતું.

તો, થોડા દિવસ અગાઉ આગાહી કરવામાં આવી હતી કે આગામી ૫ દિવસ સુધી તાપમાનનો આ પારો જળવાઈ રહેશે. તા. ૨૭થી ૩૦ એપ્રિલ દરમિયાન ગુજરાતમાં વાદળછાયું વાતાવરણ રહેવાની આગાહી છે. જેના કારણે હાલના કરતા પણ તાપમાનમાં બેથી ત્રણ ડિગ્રી જેટલો ઘટાડો થવાની શક્યતા છે.એપ્રિલ માસ પૂર્ણ થવાના આડે હવે ગણતરીના દિવસો છે, છતાં હજુ ચરોતરમાં મહત્તમ તાપમાન ૩૯ ડિગ્રીની આસપાસ રહે છે. જે સામાન્ય કરતા ઓછું હોવાનું હવામાન વિભાગના સૂત્રો દ્વારા જાણવા મળ્યું છે. એપ્રિલના અંતભાગમાં મોટાભાગે ૪૦ ડિગ્રી અને તેથી પણ વધુ તાપમાન રહેતું હોય છે. પરંતુ આ વર્ષે તાપમાનનો પારો ૩૮થી ૩૯ ડિગ્રીની આસપાસ જળવાઈ રહ્યો છે.

વૈશાખ માસની પણ શરૂઆત થઈ ચૂકી છે, છતાં આ વર્ષે ચરોતરમાં મોટાભાગે હજુ તાપમાન ૪૦ ડિગ્રી સુધી પહોંચ્યું નથી.

જોકે, ૩૦ એપ્રિલ પછી તાપમાન વધે તેવી શક્યતાને નકારી શકાય એમ નથી. જો કે છેલ્લા બે દિવસથી ઉંચા ઉષ્ણતામાન વચ્ચે હવામા ભેજનું પ્રમાણ વધતા ગરમીની સાથે ઉકળાટ વધ્યો. બીજી તરફ સ્કૂલોમા વેકેશનની તૈયારી હોઇ સ્થિતિ સંપન્ન પરીવારોએ કાતિલ ગરમીને ખાળવા આબુ, તીથલ, ઉટી, મહાબળેશ્વર, દાર્જીલીંગ સહિતના હિલસ્ટેશનો ઉપર ખાનગી વાહનો કે ટ્રેન, હવાઇ મુસાફરી મારફતે સહેલગાહે ઉપડી જવાના પણ આયોજનો ગોઠવાયા છે.

રણની ધગધગતી રેતી પર મેરેથોન

સહારાનું રણ એ વિશ્વનું સૌથી મોટુ રેગીસ્તાન ગણવામાં આવે છે. જયારે ગરમી ૫૦ ડિગ્રી સેલ્સીયસ પર પણ જઈ શકે છે અને આ રણમાં હવે ૨૫૦ કિમીની મેરેથોન દૌટનો પ્રારંભ થયો છે. તા.૨૩ એપ્રિલના શરૂ થયેલી આ દૌટ ૧ મે સુધી ચાલશે અને તેમાં ભાગ લેનારે રોજ ૪૦ કિ.મી. કે તેથી વધારાનું અંતર કાપવું જરૂરી છે તથા આ મેરેથોન પર ટ્રેકીંગ ડિવાઈઝની મદદથી નજર રાખવામાં આવી રહી છે. અહી મેરેથોનમાં ભાગ લેનાર માટે ચોકકસ અંતરે પાણી વિ.ની વ્યવસ્થા છે અને કુલ સવા લાખ લીટર પાણી ઉપલબ્ધ બનાવાશે. છેક ૧૯૮૬થી આ મેરેથોનનો પ્રારંભ થયો છે. સ્પર્ધક અને સ્લીપીંગ બેગ- હેન્ડ ટોર્ચ, ૧૦ સુરક્ષા પીન, દિશા સૂચક કંપાસ અને લાઈટર સીટી-ચાકુ અને સનક્રીમ સાથે લઈ જઈ શકે છે.

SAURASHTRA KRANTI (DAILY EVENING) Editor, Printer Publisher & Owner : GADHAVI ASHOK MULUBHA, Place of Publication : SAURASHTRA KRANTI KARYALAYA 125, STAR CHAMBER, HARIHAR CHOWK, PANCHNATH PLOT, RAJKOT-360001,ph.No.(0281) 2222306 Printed at: SAURASHTRA PRINTERY, PRAYAG INDUSTRIES PARK, RUDANAGAR, ANANDPAR (NAVAGAM) DIST. RAJKOT-360003 GUJARAT.